આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૧ ઓગસ્ટ–૧૯૯૧
અંક : ૧૧



## સદ્‌ભાવભરી સહાય

અધ્યાત્મ માટે સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ પૂ. મા–પ્રભુની કૃપાથી એકધારો ચાલતો જ રહે છે. છેલ્લે મળેલી આવી સહાયની વિગત નીચે પ્રમાણે છે:–

રૂા.

૨૫૦ શ્રી ત્રિકમભાઇ સી. શાહ, ભાવનગર.

૧૧ શ્રી શાન્તિભાઇ વાઘેલા, ભાવનગર.

૧૦૧ શ્રી ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર–ગીતાબેન ધોરણ બારમાં પાસ થવાથી.

૫૧ શ્રી કરમશીભાઇ ભીમજીભાઇ કુંડા, મોરબી–બેબી શિલ્પા એસ. એસ. સી.માં પાસ થવાથી.

૨૧ શ્રી સંજય સી. ભક્ત, ઓરણા–અમેરિકા જવાનો વીઝા મળતાં.

૨૫ શ્રી નાનુભાઇ જીણાભાઇ દેસાઇ, સુરત.

૫૧ શ્રી ચંદ્રકાન્ત પંડયા, રાજકોટ–પુત્ર કૌશિક ૬૫ ટકાથી એસ. એસ. સી.માં પાસ થતાં.

૧૧ શ્રી વીરેન્દ્ર કે. ભટ્ટ, મોરબી–જન્મદિન નિમિત્તે.

૨૫ શ્રીમતી ધર્મિષ્ઠાબેન સી. વ્યાસ, અમદાવાદ–બદ્રીકેદારની યાત્રા સફળ થતાં.

૨૫ ધર્મિષ્ઠાબેન વ્યાસ, અમદાવાદ–ભાણિયા કૌશલ અને કંદર્પની જનોઇ પ્રસંગે.

૫૧ શ્રી ભીખુભાઇ એચ. પટેલ, અમદાવાદ.

૧૦૧ શ્રી રંજનબેન નટવરલાલ ઠાકર, અમદાવાદ–જન્મદિન નિમિત્તે.

( અનુસંધાન પૃષ્ઠ ૧૩ ઉપર )



**પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી**

જન્મ : ૧૫–૮–૧૯૨૧

નિર્વાણ : ૧૮–૩–૧૯૮૪

# વિધવિધ રૂપે

વિધવિધ રૂપે હે યોગેશ્વર
જાણું તમને ભાવથી
વંદુ વ્હાલા વ્હાલ ધરીને
પ્રણામ પ્રભુજી પ્રેમથી.

આનંદકંદ છો જીવનકેરા, સ્નેહસિંધુ પ્રભુ આપ છો,
જીવનધન છો મારા સાચે પથપ્રદર્શક પ્રાણ છો.
માવડી બનીને અધવચ આવી લીધી ઉગારી પ્રેમથી,
યુવાની મહીં બની દીવાની ભેટ ધરી પ્રભુપંથની.
દિવ્ય લોકથી આવી માડી દિવ્યરૂપે દર્શન દઈ,
દિવ્ય અંકમાં સ્થાન ધરીને દિવ્ય કૃપા વરસાવતી.
શ્યામલ કૃષ્ણ બનીને આવે કદી કદી જીવન મહીં,
મધુર ભાવની મૂર્તિ ન્યારી જીવન ધન્ય બનાવતી.
ગુરુ બનીને આવી ઊભી પ્રેમળપંથ બતાવતી,
ધ્રુવતારક જીવન ધન બનતાં જ્ઞાનેશ્વર ગુરુ માવડી.
વિધવિધ રૂપમાં કૃપા કરી તે ઉપકારો નવ ભૂલતી,
જન્માંતરની સર્વ સાધના ચરણે અર્પું સ્નેહથી.
પ્રાર્થના સૂણી આજે મારી જન્માંતર સાથી બની,
પ્રેમ દીવાની દઈ બનાવી સમાવ શ્રી ચરણો મહીં.

મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧

## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| સદ્‌ભાવભરી ભેટ | — | ૧૩ |
| એક અવતારી પુરુષ મહાત્મા યોગેશ્વરજી | નારાયણ હ. જાની | ૧૬ |
| જગ આજ... | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૪ |
| માતૃદર્શનનો મહોત્સવ–૧ | ગોરધનભાઈ કલોલા (કલ્યાણ) | ૨૬ |
| નામ–રૂપની વિવિધતા | રતિલાલ ભાવસાર | ૩૭ |
| એકનાથની ગુરુભક્તિ | લક્ષ્મણ નારાયણ ગર્દે | ૩૮ |
| મસૂરીના મહાત્મા શ્રી યોગેશ્વરજી | રતનલાલજી | ૪૫ |
| શ્રી શ્રી મા શારદા | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૩ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ ઓગસ્ટ–૧૯૯૧ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

-મા સર્વેશ્વરી

સં. ૨૦૩૬, કારતક સુદ એકમ, નૂતનવર્ષ

તા. ૮–૧૧–૮૦, શનિવાર.

આજનું નૂતનવર્ષ મસૂરીની પવિત્ર ધરતી પર અમારા સૌ માટે શરૂ થયું.

અહીં દીવાળીનો જ તહેવાર મનાય છે. નૂતનવર્ષનું મહત્ત્વ નથી.

સવારે આઠ વાગ્યા પહેલાં પૂ. શ્રીએ અને સર્વેશ્વરીએ ઠંડા પાણીથી સ્નાન કરી લીધું. સૌના માટે ગરમ પાણીની સગવડ હતી. છતાં એ સગવડનો અસ્વીકાર થયો.

બરાબર આઠ વાગ્યે પૂ. શ્રી દ્વાર ખોલીને બાજુના રૂમમાં ગયા, જ્યાં સાત જેટલા યાત્રિકો વિશ્રામ કરતા હતા. તે સૌને

સૂચના આપી દસ મિનિટમાં ધ્યાનમાં બેસીસું. શ્રી રતનલાલને પણ ખબર આપી.

આઠ ને દસે પૂ. શ્રી સર્વેશ્વરીને સૂચન કરે છે, "શરુ કરો." જેથી સર્વેશ્વરી પ્રાતઃસ્મરામિ, પ્રાતર્ભજામિ, પ્રાતર્નમામિ, કરચરણ-કૃતમ્ વા ના શ્લોકો બાદ, "હે જગત્રાતા, રઘુવર તુમકો મેરી લાજ, વરદ હસ્ત પ્રભુ તમારો" એ ત્રણ ભજનો ગવડાવે છે. શ્રીકૃષ્ણ જીનકા નામ એ ધૂન બોલાવી શાંતિપાઠ કરે છે.

શાંતિપાઠ બાદ પૂ. શ્રી ધ્યાનમાં બેસાડવા પાંચ વાર ઓમ-કાર બોલે છે. ધ્યાન બાદ પૂ. શ્રી આજે પણ હિન્દીમાં સત્સંગનો નૂતનવર્ષનો સંદેશો આપે છે જે નીચે મુજબનો છેઃ–

गुजरातमें आज नूतनवर्ष मनाया जा रहा होगा। ये लोग, विक्रम संवतको मानते है। केलन्डरमें आज नया वर्षका प्रारंभ है, लैकिन जीवनतो नया नहीं बना, पूरातन वरसही जीवनका चल रहा है।

जीवनमें नूतन वर्ष लाने के लिए रोज ही जलदी उठना चाहिए। ध्यान, प्रार्थना, अच्छे ग्रंथोका स्वाध्याय करना चाहिए। थोडा संयम और ब्रह्मचर्य भी जरुरी है। नियमित व्यायाम भी करना चाहिए। ये सबसे जीवनमें जागृति, तटस्थता असंगतता, आत्म-निरिक्षण बढता है। संसारमें कमलकी तरह रहेनेकी ताकात बढती है।

गीतामें कहा "नलिनी दल अंबुवत्"—भारतीय संस्कृति भी यहीं शीखाती है। जहाँ भी जाओ वहाँ रहेना तो पडेगा ही। ऋषिमुनि कहते हैं, "जाना पडे तो जाओ, और रहना पडे तो कहींभी रहो, डरो मत, भय मत रखो। रहो लैकिन कैसे रहना वह शीख



लो। संसारमें अलिप्त रहकर रहो। कमल पानीमें रहता है। कीचड और पानी से वह अलिप्त रहता है। भागो नही। इस प्रकार रहो। सुनो कैसे? कानोसें पवित्र बातें ही सुनो। देखो कैसे? आंखोसें शुभदर्शन ही करो। शरीर को, सुदृढ ही बना दो। मनको उत्तम विचारोसें भरो. संसारमें शरीर कहीं ही फीरे, मन अलिप्त ही रहेगा। आत्मामें स्थिर रहेगा। दृष्टा ही बनेगे दृष्टा बननेकी शक्ति आ जाती है। हम चरित्रशील बने। आत्मबलसे संपन्न बने। जीवनमुक्त बने ऐसे जीवनमुक्त आदमीकी देशमें आवश्यकता है।

सुबह एक घंटा, रातको एक घंटा नियमित ध्यान प्रार्थना आत्मनिरिक्षणमें व्यतित करे। बाकीके समयमें देशकी, समाजकी सेवा करें। सेवा करते, करते जागृत रहना तो वह भी साधना हो जायेगी।

कहींसें भी भागना नहीं। ईश्वर परायणता बढी नहीं तो एकांतमें जाना ही बैकार है। हमारे जैसी ईश्वर परायणता बढे तब देवप्रयागमें बैठ सकते है। लेकिन जब तक ईश्वर परायणता बढी नहीं तब तक यहाँ ही रहकर सेवा करे।

વાર્તાલાપ ઘણો લાંબો હતો, પણ એનો ટૂંક સાર અક્ષરસઃ આ પ્રકારનો હતો. ગઈકાલે પ્રેમના, શ્રદ્ધાના, સેવાના, પવિત્રતાના દીવા પ્રકટાવવાની પ્રેરણા આપી તો આજે વળી નવા વર્ષે અલિપ્તતાનો સેવાનો સંદેશો આવ્યો.

નવ વાગી ગયા. શ્રી રતનલાલજીએ પોતાના ઘરે સૌ ભક્તોને સવારના અલ્પાહાર માટે આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું. પૂ. શ્રીને એ રીતભાત યોગ્ય ન લાગી, છતાં તૈયાર થયું તે બગડે નહીં માટે પણ ભક્તોને અલ્પાહાર માટેની પૂ. શ્રીએ સૂચના આપી. અલ્પાહારમાં દસ વાગી ગયા.

પૂ. શ્રી કહે છેલ્લા બાવીસ વર્ષથી રહું છું પણ અહીં કોઇવાર સવારના આ સમયે હું બહાર હોતો જ નથી. બે બહેનો (પંજાબી) પૂ. શ્રીના દર્શન કરવા દોડતી આવી. દુર્લભ દર્શનનો આનંદ તે બંનેના મુખ ઉપર પ્રગટ થતો હતો.

લગભગ દશ વાગ્યે કેમલબેક રોડ તરફ પૂ. શ્રી સાથે શ્રી રતનલાલજી સહિત સૌ ફરવા નીકળ્યા. માર્ગમાં પૂ. શ્રીએ કહ્યું, "અમે તો આ બધું દર વરસે જોઇએ. ફરીએ પણ. તમે ફરી ફરી ક્યારે આવો? જેથી ફરવું જરૂરી છે, માર્ગમાં શ્રીરતનલાલજી સાથે રાજકારણની વાતો કરી. સંજયગાંધી જેવા જ કોઇ ભવ્ય ફેરફાર કુદરત કરે તેની વાતો કરી.

માર્ગમાં અમને વિવિધ મકાનોની ઓળખ આપી. દુકાનો પાસેથી પસાર થઇએ તો જે જે પરિચિત ભક્તો હોય તે દોડતા આવી પ્રસન્નતાથી પ્રણામ કરે.

માર્ગમાં અનેક ભક્તો આવી પ્રણામ કરે છે. છેલ્લે એક ભક્ત મજુર આવે છે. એ પોતે ખાલી લારી લઇને જતો હોય છે. તેનું ધ્યાન નથી. પૂ. શ્રી બોલાવે છે. તે તરત જ ખૂબ નમ્રભાવે ચરણસ્પર્શ કરી પ્રણામ કરે છે.

ભક્ત કહે છે. आपके दुर्लभ दर्शन मुझे हो गया ! मेरा बडा भाग्य।

પૂ. શ્રી વાતો કરે છે.

એક બેન મળે છે. પ્રણામ કરે છે. પૂ. શ્રી તેમના ઘરની ખબર પૂછે છે.

માર્ગમાં મજુરથી માંડી માલિક સુધીના, ગરીબથી માંડી



ધનિક સુધીના સૌ પૂ. શ્રીને જાણે છે, પ્રણામ કરે છે. પૂજ્યભાવ રાખે છે.

મજુર ભક્ત કહેવા લાગે છે, "ભલે કલાક બેસવું પડે પણ હું તમારો સામાન લઇને જ જવાનો" પૂ. શ્રીએ એ વાત મંજુર રાખી. મજુર ભક્ત નંદવીલા હોટેલ તરફ આવે છે.

હોટેલના મેદાનમાં શ્રી રતનલાલજીની જનતાપાર્ટીની સભા ચાલુ હતી. સૌ સભ્યો ઉભા થઇ પૂ. શ્રીને પ્રણામ કરે છે, પૂ. શ્રી ત્યાં ન બેઠા રૂમમાં આવી ગયા.

સૌએ જરૂરી તૈયારી કરી લીધી. દહેરાદૂન આવવા માટે સૌએ વિદાય લીધી.

નંદવીલાના માલિક શ્રી રતનલાલજી અને તેમના સુપુત્રે ઉતારાના પૈસા ન લીધા. ખૂબ આગ્રહ કર્યો પણ ના પાડી. બસસ્ટેન્ડ સુધી પૂ. શ્રી રતનલાલજી, વાચસ્પતિજી એક બીજા સજ્જન ચાલી રહ્યા છે.

માર્ગમાં પોસ્ટમેન પણ પૂ. શ્રીને પ્રણામ કરે છે. પ્રસન્નતાને આશ્ચર્ય વ્યક્ત કરે છે. દુકાનોમાંથી જુદા જુદા ભક્તો જેમ જેમ પૂ. શ્રીને જુએ છે. તેમ તેમ બહાર આવી આવી પ્રણામ કરે છે એ દૃશ્ય અદ્‌ભુત હતું.

પૂ. શ્રી પ્રવચનમાં મસૂરીની જે વાતો કરે છે તેનું સત્યદર્શન અહીં જોવા મળ્યું.

માર્ગમાં પૂ. શ્રીએ ઝાંબીયાની, સાઉથ આફ્રિકાની પોતે જે સંદેશ આપે છે (क्या करना था, क्या करता है) એની સમજ આપી.

મસૂરીની આ વૈભવી, ભોગવિલાસની ભૂમિ ઉપર પૂ. શ્રી ચાલતા ચાલતા પોતાનો પ્રભુભક્તિનો સંદેશ સૌ ભક્તોને સંભળાવી રહ્યા છે.

બસસ્ટેન્ડથી સૌએ વિદાય લીધી. શ્રી રતનલાલજી સર્વેશ્વરીને પણ ચરણસ્પર્શ કરી પ્રણામ કરે છે. સર્વેશ્વરી પ્રથમવાર પૂ. શ્રીની સાથે મસૂરી આવે છે, છતાં રતનલાલજીની શ્રદ્ધાનાં એમને દર્શન થાય છે.

બરાબર બે વાગ્યે જલેબી જેવા ને સર્પાકારના માર્ગેથી દહેરાદૂન આવી ગયા.

ગઈકાલનું શ્રી લલિતાપ્રસાદજીનું ભોજનનું આમંત્રણ હોવાથી અમે સૌ લલિતાપ્રસાદજીને ત્યાં ગયા.

બહાર ઓટલા ઉપર જ એમનાં ધર્મપત્ની બાળકો સૌએ પ્રણામ કર્યાં. પૂ. શ્રી બેઠકરૂમમાં બેઠા. અમે પણ સૌ ત્યાં બેઠા. માતાજીના સમાચાર કહ્યા.

અસ્થિ વિસર્જનની વાતો, શ્રી સૂર્યકાંત સોલીસીટરની અસ્થિ અંગેની ભાવનાની વાતો, માતાજીની સ્મશાનયાત્રાના ફોટા વગેરે બતાવી સત્સંગની વાતો થઈ.

ખીર, શાક પુરીનું અહીં પાકું ભોજન ગણાય છે. તેનું ભોજન સૌએ પ્રેમપૂર્વક આરોગ્યું.

મહેમાનોની સાથે બેસવાને બદલે લલિતાપ્રસાદજી જાતે પીરસવામાં હતા. અમે બંને રસોડામાં ભોજન માટે બેઠા. બાકીના સૌ ટેબલ ખુરશી પર બેઠા.

ભોજનબાદ પણ થોડો સત્સંગ થયો. લલિતાપ્રસાદજીનાં



માતાજી પણ ખૂબ ભાવિક ને શ્રદ્ધાળુ લાગ્યાં. આખું ઘરજ પૂ. શ્રી ઉપર શ્રદ્ધાભક્તિ ધરાવતું હતું. દહેરાદૂનનું આ પૂ. શ્રીના ભક્ત કુટુંબની આતિથ્ય સત્કારની ભાવના વંદનીય હતી. ભોજનબાદ રસગુલ્લાં એ બાદ ફળ વગેરે પણ સૌને આપવામાં આવ્યાં. આખાય ઘરનાં દરેક સભ્યો ઉપર પ્રસન્નતા જ પ્રગટ થતી હતી. થાક, કંટાળો આળસ સહેજ પણ જણાતાં ન હતાં.

એ પવિત્ર કુટુંબે વિદાય આપી સાથે મીઠાઈનાં બે બોક્સ પણ આપ્યાં, જે ગાડી ચાલુ થઈ ત્યારે મુકી દીધાં હતાં.

દહેરાદૂનથી છ વાગ્યે હરિદ્વાર આવી ગયા. ગંગાજીની આરતીનાં દર્શન કરી જયપૂરીયા સ્મૃતિભવન સુંદર ને સ્વચ્છ ઉતારા ઉપર આવી ગયા.

આજે દશ મિનિટમાં જ પ્રાર્થના પૂરી કરી. સત્સંગનો વાર્તાલાપ આજે બંધ રાખ્યો. આજે તો સવારે જ વાર્તાલાપ અપાઈ ગયો હતો.

શ્રી લલિતાપ્રસાદજીએ આપેલા મીઠાઈનાં બે પેકેટની વાત પૂ. શ્રીને સાંજના પ્રાર્થના બાદ ખબર પડી. એટલે ગંભીર બનીને સૌને કહેવા લાગ્યાઃ–

"જુઓ, અમે મીઠાઈના પેકેટ લેતા જ નથી. અમને પણ કાયમ આપવામાં આવે છે. અમે ફરી તે પ્રસાદ તરીકે ઘરમાં વહેંચી દેજો એમ કહી આપી દઈએ છીએ. તમારે પણ હવે યાદ રાખવાનું છે. આવું કંઈપણ હોય ત્યારે તમારે કહેવું કે યોગેશ્વરજીને પૂછીને જ લઈએ." કેટલો સરસ બોધપાઠ હતો! દરેકની દરેક ભેટ સ્વીકારતાં પહેલાં વિચારવું કે તે લઈ શકાય કે કેમ?

પૂ. શ્રી સવારે પણ કહેતા હતા મીઠા ઝાડનાં મૂળ ન કપાય. અતિ ભલાની ભલાઈનો દૂરઉપયોગ આપણાથી ન થાય.

આ મહાપુરુષ પાસે ક્ષણે ક્ષણે નવું નવું જ શીખવાનું, જાણવાનું મળે છે. જેને શીખવું હોય, જાણવું હોય તે પૂ. શ્રીના જીવનમાંથી લઈ શકે છે. થોડું પણ લઈ શકાય તો પણ માનવ તરીકેનું જીવન સફળ થઈ જાય.

સત્સંગમાં છેલ્લા ત્રણ દિવસથી પૂ. શ્રી શ્રી શાંતિભાઈ પાસે સંસ્કૃતમાં સ્તુતિ બોલાવે છે. ભૂલો સુધરાવે છે.

પ્રાર્થનાબાદ સૌ ભક્તોએ પ્રણામ કરી વિદાય લીધી.

સર્વેશ્વરીએ અગિયાર સુધી નોંધ લખી. આરામ કર્યો. પૂ. શ્રીએ તો તે પહેલાં આરામ કર્યો.

**સં. ૨૦૩૬, કારતક સુદ બીજ, ભાઈબીજ**
**તા. ૯-૧૧-૮૦, રવિવાર.**

ગંગાને કિનારે જ જયપૂરીયા સ્મૃતિ ભવન આવેલું છે. રૂમો સ્વચ્છ છે. પૂ. શ્રી આજે ગંગાકિનારે જ સ્નાન કરી લે છે. સાડા સાતે ગાડીમાં સૌ બેસી જાય છે. હરકી પેડીનું સુંદર દૃશ્ય ફરી એકવાર પૂ. શ્રી બતાવે છે.

ત્યાંથી ચંડીઘાટ થઈ મુરાદાબાદ લગભગ ૧ વાગ્યે આવી ગયા. માર્ગમાં દૂધ પી લીધું. દોઢ વાગ્યે ભોજન બાદ મુરાદાબાદની બહાર રામપુરના માર્ગે ખેતરમાં આરામ કર્યો.

શાંતિભાઈના વેપારી સંબંધી જગદીશ અગ્રવાલે આજે સૌને ભોજન કરાવ્યું. અગ્રવાલ ભોજનાલય સ્ટેશન પાસેની જગ્યામાં. ત્રણ દિવસથી યજમાનો યોગ્ય મળે છે. જે યાત્રિકોને ભોજન કરાવે છે.



મુરાદાબાદથી મીરાનપુરના ગેસ્ટહાઉસમાં વિશ્રામ. આજે અલ્પાહાર બાદ સત્સંગનો વાર્તાલાપ નીચે મુજબ થયો.

"યમુનામાં સ્નાન કરે તો યમનું તેડું ના આવે. તે ભાઈબીજ. સંયમમાં (યમ) સ્નાન કરે તો યમનું તેડું ના આવે. વાણીનો, આંખ, કાન, ઉપસ્થ, મનનો, સંયમ. આ સંયમની નદીમાં સ્નાન થાય તો યમનું તેડું ન આવે. પછી પલાંઠી વાળી મનને પ્રભુમય કરી વૃત્તિઓ મનની વાળે. સમાધિમાં પહોંચે. જાગ્યા પછી આત્માને બધે જુએ તો સંયમની નદીમાં સ્નાન. પછી જ્યાં બેઠો ત્યાં કાળવિજય, મૃત્યુજય બને. જીવનમાં આનંદ–શાંતિ છવાઈ જાય. એટલે નિત્ય સંયમી બનો."

**સંદેશોઃ–**

"શ્રદ્ધા હાલમડોલમ ન રાખશો. અખૂટ રાખજો. ઠાકુરને પકડી રાખજો. તરી જશો. ઠાકુરના ભક્ત હતા છતાં સંસર્ગમાં આવી શક્યા ન હતા. ઇચ્છા અધૂરી રહી ગઈ હતી."

ધ્યાન બાદ પૂ. શ્રીએ થોડો વાર્તાલાપ આપ્યો. તે બાદ બરેલીમાં સ્વામી વિવેકાનંદની મૂર્તિનું સ્મરણ કરી કહ્યું કે આ સ્થાન ખૂબ પવિત્ર ને શાંત લાગે છે. આજે ધ્યાનમાં પણ શરીરભાન ચાલ્યું ગયું હતું. ધ્યાનમાંથી ઉઠવાની ઇચ્છા જ થતી ન હતી.

શ્રી શાંતિભાઈએ આજે પૂ. શ્રીને પ્રશ્નો પૂછવા માંડયા. પૂ. શ્રીએ યથોચિત ઉત્તરો આપી કહ્યું, "જુઓ, તે મહાપુરુષોને ચપટી વગાડતાં બોલાવી શકું છું. માસ્ટર મહાશય હજુ જન્મ્યા નથી. સૂક્ષ્મરૂપે જ છે. એને તમારી સૌની ઇચ્છા હોય તો બોલાવીએ.

અને સાચે જ પૂ. શ્રીએ સૂક્ષ્મરીતે સંપર્ક સાધી માસ્ટર મહાશયને પોતાની પાસે જ બોલાવ્યા. વાતો કરી. શ્રી શાંતિભાઈએ પ્રશ્નો પૂછ્યા. તેના ઉત્તરરૂપે ઉપરનો સંદેશો આપ્યો.

એ સંદેશ દરેક સાધકને લાગુ પડે છે. માસ્ટર મહાશયનું આગમન આનંદપ્રદ હતું. સૌ એમના દર્શન કરી શકતા ન હતા, પણ એ અંગે મહાપુરુષ આવ્યા છે એની ખાત્રી સૌને થાય એની તો કોઈપણ મહાપુરુષને પરવાહ ન જ હોય, એ સ્વાભાવિક જ છે ને!

સૌ માટે આજનો સત્સંગ આનંદપ્રદ, શાંતિપ્રદ હતો, એવું અનુભવ્યું, સૌ પ્રણામ કરી વિદાય થયા. પૂ. શ્રીએ કહ્યું, 'માસ્ટર મહાશય કહે છે કે હવે તો હું તમારી પાસે જ રહેવાનો. ભલે રહો.' કોઈકે પૂછ્યું, શું કરશો? તો કહ્યું તમારી બંને સામે બેસી તમારા દર્શન કર્યાં કરીશ. ધ્યાન કરીશ."

યાત્રિકો માટે વિશેષ સંદેશની માંગણી સર્વેશ્વરીએ કરી તો માસ્ટર મહાશયે કહ્યું, 'મારા ગુરુદેવની હાજરીમાં હું સંદેશો આપવાની ચેષ્ટા ન કરું તે જ યોગ્ય છે. અત્યારે જે વાર્તાલાપ આપ્યો તે અમર ક્રાંતિકારી સંદેશ છે. તેને પચાવો તો પણ બસ છે. અને સંદેશ તમે જ આપોને વિગેરે વાતો થઈ.

વળી માસ્ટર મહાશય પધાર્યા છે તેની ખાત્રી શું? ને કંઈક સંદેશો એ સૌને પણ આપો એ માંગણી સામે કહ્યું, 'તમે જ સંદેશો આપોને વિગેરે.

આમ આજનો આ સત્સંગ પૂરો થયો. (ક્રમશઃ)



# સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

૩૧ શ્રી વિનોદભાઈ જોષી, વડોદરા.

૧૦૧ શ્રી સ્મિતાબેન કમલેશભાઈ દવે, વડોદરા.

૧૦ શ્રી ધીરજલાલ ના. શાહ, મુંબઈ.

૨૫ શ્રી રમેશચંદ્ર અમૃતલાલ ઉપાધ્યાય, જામનગર–શ્રી ધર્મેન્દ્ર એસ. વાય. બીકોમ.માં પાસ થતાં.

૧૧ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી.

૫૧ શ્રી ધનસુખલાલ મ. પટેલ, સુરત.

૧૦૧ શ્રી છગનભાઈ સોરઠિયા, સુરત–૭૧ મા જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી રૂપાબેન સી. વ્યાસ, સુરત.

૧૧ શ્રી ઈશ્વરભાઈ જી. કંથારિયા, સુરત.

૨૦૧ ડૉ. ગોવિંદભાઈ એન. પટેલ, સુરત–માંદગીમાંથી સાજા થતાં.

૨૧ શ્રી ભદ્ર એ. મહેતા, કાંદીવલી.

૧૫ શ્રી રણછોડલાલ વી. પંચોળી–પૌત્ર જીજ્ઞેષ એસ. એસ. સી.માં પાસ થતાં.

૧૦૧ શ્રી ભાનુબેન ધીરુભાઈ ભક્ત, કપૂરા–મૃદુલાના લગ્ન પ્રસંગે.

૧૦૧ શ્રી ભાનુબેન ધી. ભક્ત, કપૂરા–પાર્થિવના મંગલ પ્રાકટ્ય દિને.

૧૦૦૧ શ્રી કિશોરચંદ્ર સી. મુગટાવાલા, સુરત.
૯૩૨ શ્રી સુશીલાબેન ધીરજલાલ ભક્ત, અમેરિકા.
૧૦૧ શ્રી નિર્મળાબેન પ્રવીણલાલ ભક્ત, સાન્ટીઆગો–અમેરિકા–પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે.
૫૦૧ શ્રી ગોવિંદભાઇ ભક્ત, ફ્રોર્ટ સ્મીથ–અમેરીકા–નવી મોટેલ ખરીદતાં.
૩૨૫ શ્રી રમણભાઇ સી. પટેલ, ન્યુજર્સી–ભાવેશને નોકરી મળતાં.
૫૧ ચિ. બીજલ પ્રકાશચંદ્ર ભટ્ટ, મુંબઇ–જન્મદિન નિમિત્તે–નાની અનુબેન તરફથી.
૨૫૧ એક સાધક બેન તરફથી, મુંબઇ.
૧૧ શ્રી કલ્પેશકુમાર લસણિયા, સુરત.
૨૫ શ્રી હંસાબેન ભીખાલાલ ત્રિવેદી, કાંદીવલી–તબીયતમાં સુધારો થતાં.
૨૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત–સુખદ યાત્રા નિમિત્તે.
૫૨ કુ. દુહિતા ચંપકલાલ ત્રિવેદી, બોરીવલી–નવી નોકરી મળવાથી.
૧૦૨ શ્રી ગિરીશભાઇ ભાવસાર, વડોદરા.
૭૩૫૦ એક ભક્ત દંપતી તરફથી, લોસ એન્જેલેસ.
૫૨૫ શ્રી દક્ષાબેન કિશોરભાઇ ભક્ત, લોસ એન્જેલેસ.
૧૦૧ શ્રી યોગ કન્સ્ટ્રક્શન કું., વડોદરા.
૧૦૫ શ્રી ઠાકોરભાઇ મિસ્ત્રી, વડોદરા.
૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી–અનુષ્ઠાન પૂર્ણ થતાં.
૨૧ શ્રી કાન્તાબેન ભોજાણી, મોરબી–પૌત્રના જન્મદિન નિમિત્તે.



૫૧ શ્રી સુવર્ણાબેન બી. ઝાલા, મોરબી–અકસ્માતમાંથી ઉગરી જતાં.
૭૩૪ શ્રી જીતેન્દ્ર મિસ્ત્રી, કડીપાણી.
૮૬ શ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, કડીપાણી–ધર્મપત્નીના જન્મદિન નિમિત્તે.
૪૧ શ્રી કશ્યપ જીતેન્દ્ર મિસ્ત્રી, કડીપાણી–જન્મદિન નિમિત્તે.
૨૧ શ્રી સમીર જીતેન્દ્ર મિસ્ત્રી, કડીપાણી–એસ. એસ. સી.માં ડીસ્ટીંગશન આવતાં.
૧૦૧ શ્રીમતી જસવન્તી શાહ, વડોદરા.
૨૫ પાઉન્ડ શ્રી પી. એન. પટેલ, યુ. કે.
૫૧ શ્રી શશિકાન્ત કોન્ટ્રાક્ટર, વલસાડ.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
**મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.**

મહાત્મા શ્રી યોગેશ્વરજી

# એક અવતારી મહાપુરુષ

નારાયણ હ. જાની

ઓગસ્ટ માસ એ પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના પ્રાકટ્યનો મહિનો. સને ૧૯૨૧ ની ૧૫ મી ઓગસ્ટે—તેઓએ એક ખેતી કરતા બ્રાહ્મણ પરિવારમાં પોતાની આંખ ઉઘાડી.

એ શુભ દિવસે ગુપ્તરીતે એક અવતારી મહાપુરુષનો જન્મ થયો. પૃથ્વી પરના માણસોને ઘણાં ક્ષેત્રોમાં નવો પાઠ ધરવા એ મહાપુરુષે માનવરૂપે જન્મ લીધો.

આજનો યુગ વિજ્ઞાનયુગ કહેવાય. વિજ્ઞાનમાં કશું માની લેવામાં ના આવે; કશું સ્વીકારી લેવામાં ના આવે. દરેક વસ્તુનું પ્રત્યક્ષ પ્રમાણ માગે. પ્રયોગશાળામાં પ્રયોગો કરવામાં આવે. એ પ્રયોગોના પરિણામે અનેક વિજ્ઞાનની શોધો થઇ. માણસે સંશોધનના ક્ષેત્રે ઘણી મોટી હરણફાળ ભરી. એટલે બુદ્ધિપ્રધાન માનવે પ્રભુના અસ્તિત્વ માટેનું પણ પ્રમાણ માગવા માંડયું. પરંતુ કોણ આપે એ પ્રમાણ? ઈશ્વરની અનુભૂતિ કરી ચૂકેલા કોઇ મહામાનવ જ એ વાત સમજાવી શકે! પરંતુ એવા માનવ શોધવા ક્યાં? પર્વતોની ગુફાઓમાં? ગિરિવરોની કંદરાઓમાં? નદી તટપ્રદેશોના એકાંત શાન્ત રહેઠાણોમાં?

પાશ્ચાત્ય શિક્ષણના પરિણામે શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા ન રહી. અતીત કાળના મહાપુરુષોના અનુભવો મનની કલ્પનાના તરંગો લેખાવા માંડયા. આંખે દેખાય એટલું જ સાચું, પ્રત્યક્ષ નીરખી શકાય તે જ પ્રમાણ; બાકી બધું ખોટું. વિજ્ઞાને ઘણું બધું ભૌતિક ક્ષેત્રે સારું આપ્યું. પરંતુ સાથે સાથે સનાતન સત્યોમાં, દેહાતીત અવસ્થાના અનુભવોમાં, સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપે મનુષ્યમાં રહેલ આત્માના અસ્તિત્વને પણ નકારવા માંડયું, નૈતિક જીવન અને નૈતિક મૂલ્યોનો હ્રાસ થયો. ચારેકોર જુઓ તો ભૌતિકવાદની જ બોલબાલા. ગમે તે રીતે ધન ભેગું કરો, ખૂબ ભેગું કરો ને ખૂબ મોજમઝા ઉડાવો. બસ આજ જીવન. ચાર્વાકમુનિના સિદ્ધાંતોનું સર્વત્ર સામ્રાજ્ય.



આ તો ભૌતિકવાદીઓની દશાનું શબ્દચિત્ર થયું, પરંતુ એથી ઉલ્ટુ આધ્યાત્મવાદીઓની દશા તો એથીય ભૂંડી. ધર્મના નામે સર્વત્ર વ્યાપાર. ધતીંગો અને છળકપટ—ધન હરવા માટેનાં સાધનો. જટા, ત્રિપુંડો ને માળાઓ, ધર્મનાં ચિહ્નો મનવા લાગ્યાં. સારા વક્તાઓ—વ્યાખ્યતાઓ ને કથાકારો વાક્છટાના જોરે મહાત્મા બની બેઠા. સંતોનાં બીરૂદો ધારણ કરી ધર્મની દુકાનો ખોલી બેસી ગયા. આમાં સાચો ધર્મ, સાચો માનવ અને સાચો સંત જડે ક્યાંથી!

પરંતુ પ્રભુ દયાળુ છે. સર્વત્ર અંધકાર વ્યાપી જાય ત્યારે આશાનું એકાદ કિરણ એ પ્રકટાવતો રહે છે. મરૂભૂમિમાં રણદ્વીપ જેમ, સાગરમાં મીઠી વીરડી જેમ કોઇ એક માનવને પ્રભુ મોકલાવી આપે છે. અને સર્વત્ર વ્યાપેલ અંધકાર વચ્ચે અટવાતા સાચા જીજ્ઞાસુઓને પથપ્રદર્શન કરવા એકાદ દેવદૂત સમા બાળકને પ્રકટાવે છે.

પ. પૂ. યોગેશ્વરજી પણ આવાજ એક દેવદૂત બનીને આવ્યા. તેઓએ ગરીબ પરિવારમાં જન્મી આપબળે આધ્યાત્મિક સાધના

કરી. આત્મિક કલ્યાણ માટે ગુરુ અનિવાર્ય જ છે, એ ઉક્તિને ખોટી પાડી. પોતે જ પોતાના ગુરુ બની, સર્વોચ્ચ અવસ્થાએ પહોંચ્યા. છતાં ગુરુ પરંપરાનો કદી અનાદર ન કર્યો.

ઈશ્વર એ કલ્પના જ છે, એવા બુદ્ધિવાદી તર્કોને પોતાની આત્મિક અનુભૂતિના આધારે પડકાર્યાં. ઈશ્વર છે જ. એની પ્રત્યક્ષ અનુભૂતિ પણ શક્ય છે—જો યોગ્ય માર્ગે સાધના કરવામાં આવે તો. એવું પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓના આધારપર જાહેર કર્યું.

અને પ્રભુને પામવા માટે ઘર છોડવું પડે, ભગવાં પહેરવાં પડે, સંસારમાં રહી એની સંપ્રાપ્તિ ન જ થાય—આ બધી ભ્રાન્ત માન્યતાઓનું તેઓએ નિરસન કર્યું, ખંડન કર્યું. તેઓએ પોતાનાં માતાજીને બત્રીસ વર્ષ સાથે રાખ્યાં. તેમની અંતિમ સ્થિતિમાં સર્વોત્તમ સેવા કરી. 'માતૃદેવો ભવ' તે સૂત્રને જીવનમાં પ્રત્યક્ષ આચરી બતાવ્યું.

પોતે કદી ભગવું પહેર્યું નહિ, છતાં ભગવા પ્રત્યેનો આદર એવો જ રાખ્યો. સંસાર છોડવો જ પડે એવું નથી, પોતે સંસારની વચ્ચે વસી તપ કર્યું, માતાને સાથે રાખી તપનાં સાક્ષી કીધાં, ને પ્રભુના અસ્તિત્વની હર પ્રકારે પ્રત્યક્ષ અનુભૂતિ મેળવી. પ્રભુનું દર્શન, સ્પર્શન અને વાતચીત જ નહિ, પરંતુ જીવનની હરક્ષણનું પ્રભુની પરમ શક્તિનું સાન્નિધ્ય પામ્યા. માર્ગદર્શન મેળવતા રહ્યા. આવી ઉચ્ચ અવસ્થા હતી એમની.

કપડું બદલવાને બદલે જરૂર છે મન બદલવાની. તેઓએ સફેદ ખાદીના કપડાં જીવનભર પહેર્યાં. ખરૂં પૂછો તો કપડું બાધારૂપ નથી, મન જ બાધારૂપ છે. સંસારમાં રહો પરંતુ મનમાં



સંસાર ન રાખો. ભાગી જવાથી કશું મળતું નથી. જે મનની સાચી ખોટી માન્યતાઓથી દોરવાઇ તમે ગમે ત્યાં જશો, તોપણ એ મન તો તમારી સાથે જ રહેવાનું. એટલે મનને સુધારો. એની શુદ્ધિ કરો. પવિત્ર વિચારોથી ભરો ને તેનું ઉર્ધ્વીકરણ કરો, જીવનનો વ્યવહાર શુદ્ધ રાખો. જ્યાં છો ત્યાં રહીને જ પોતાની ફરજ ઉત્તમરીતે બજાવીને જીવન જીવો. કોકનું પણ ભલું કરવાની તક મળે તો તે ઝડપી લો.

ખાવા પર સંયમ રાખો. જરૂર પૂરતું ખાઓ. ખૂબ શાન્તિથી ખાઓ. બોલવા—ચાલવા અને ખાવામાં કદી ઉતાવળ ન કરો.

જીવનમાં નિયમિત બનો. રોજ થોડો પણ વ્યાપાર કરો.

જીવવા માટે જેમ ખાવાની જરૂર છે, તેમ મન, તન અને અંતરની શાન્તિ માટે પ્રભુની પ્રાર્થના જરૂરી છે. પ્રાર્થના પછી ધ્યાનમાં બેસો. પ્રભુ અને ગુરુની સહાય હંમેશ માંગો, કારણ માગે તેને પ્રભુ આપે જ છે. પરંતુ જો જો, એવું કદી ના માગી બેસતા કે જેનાથી લાંબા ગાળે તમારું અહિત થાય, જન સમાજનું અહિત થાય; અકલ્યાણ થાય. રોજ થોડો સમય પણ આત્મનિરિક્ષણ કરો. મનુષ્ય જીવન પાછળનો પ્રભુનો હેતુ સમજવા પ્રયાસ કરો. આ જીવન કેવળ ખાઇ—પી અને મોજમઝ્રાહમાં વેડફવા માટે નથી. એની પાછળ રહેલો પ્રભુનો ઊંચો ઉદ્દેશ સમજી—સાચા મનુષ્ય બની જીવવા પ્રયત્ન કરો. જો જો, હાથ આવેલી આ તક વેડફાઇ ન જાય.

પરમ પૂ. યોગેશ્વરજીએ પોતાના જીવનમાં આ બધા સત્યોને આચરી બતાવ્યાં. તેઓ ભલે વ્યાપક પ્રસિદ્ધિથી દૂર રહ્યા, પરંતુ એક આદર્શ પુત્ર, માનવ, સંત મહાત્મા, સાહિત્યકાર, કવિ તેમ જ

શ્રેષ્ઠ પ્રેમાળ સ્વજન તરીકેનો એમનો અભિનય સર્વોત્તમ રીતે બજાવી ગયા, એમ કહ્યા વિના નહિ ચાલે.

તેઓની વાણી અને વ્યવહાર વચ્ચે અનેરૂં સામ્ય હતું જે કહ્યું તે જ આચરી બતાવ્યું. જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રભુના ગુણાનુવાદ ગાતાં ગાતાં જીવનલીલા સંકેલી. જેવું ઉત્તમ જીવન તેવું જ ઉત્તમ અને અનુપમ મૃત્યુ. સર્વ શ્રોતાઓની સન્મુખ જ સહુના દેખતાં જ વિદાય લઇ લીધી!

જીવનના કોઇ પણ ક્ષેત્રમાં તેઓનો વ્યવહાર સર્વોત્તમ રહ્યો અતિથિનો આદર સત્કાર તેઓ સદા કરતા. વિનય અને નમ્રતા તો તેઓનાં. પોતે કોઇ મહાપુરુષ છે ને બીજાઓ કરતાં ચઢિયાતા છે, એવો ભાવ કદી તેઓના મનમાં ઊઠતો નહિ. નાના મોટા સહુનો, ગરીબ અને તવંગરનો એક સરખો જ આદર એમના વ્યવહારમાં જણાતો.

ઉપદેશ કરતાં આચરણ જ મહત્ત્વનું છે એ સૂત્ર તેઓ મૂક આચરણથી સમજાવતા. એ મહાપુરુષે અનેકોને પ્રેરણા આપી, સાચા માનવ બનાવ્યા, પ્રભુપંથે વાળ્યાં. તેઓનું મહત્ત્વનું પ્રદાન ભારતીય સંસ્કૃતિના આધારરૂપ ગ્રંથોને લોકભોગ્ય ગુજરાતી ને હિંદી ભાષામાં અનુવાદિત કરવાનું. ધર્મની સાચી સમજ તેઓએ આપી.

એઓશ્રીનો દેશપ્રેમ કદી કટ્ટર કે સંકુચિત બની વિશ્વ-બંધુત્વની તેઓની ભાવનાનો વિરોધી ન બન્યો. આમ છતાં ભારતની ભૂમિ પ્રત્યેનું તેઓનું મમત્વ ને આદર અપ્રતીમ હતાં. લાખ્ખો રૂપિયા વડે વિદેશમાં આશ્રમો સ્થાપવાની ઓફરો તેઓ ભારતમાતાના ગૌરવ પ્રત્યેની ભાવનાના બળે જ ઠુકરાવી શક્યા.



તેઓ માનતા કે ભલે ભારત ગમે તેટલું ગરીબ હોય, અશિક્ષિત હોય, વિજ્ઞાનની શોધોમાં પાછળ હોય—આમ છતાં એના વાયુમંડળમાં જે સૈંકડો વર્ષોના આધ્યાત્મિક પરમાણુઓ છે—તે જગતના કોઇ દેશમાં નથી, કોઇ ભૂમિમાં નથી.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી ખૂબ જ નિયમિત. ઘડિયાળના કાંટે તેઓની દિનચર્યા ચાલે. વ્યાયામ, ધ્યાન, લેખન, ભોજન, સમાચાર પત્રોનું વાંચન, પત્ર વ્યવહાર, પ્રવચન પ્રાર્થના બધું જ નિયમ પ્રમાણે કરતા રહે. ત્યાગી માણસોમાં ભાગ્યે જ જોવા મળતી નિયમિતતા તેઓમાં હતી. કેવું અદ્ભુત?

તો ચોકસાઇ ને વ્યવસ્થા પણ એટલી જ. કોઇ કામ જરાપણ અવ્યવસ્થિત નહિ. પોતાની હરેક વસ્તુ ચોક્સાઇપૂર્વક અને વ્યવસ્થિત રાખે. એટલું જ નહિ, પરંતુ પોતે જ્યાં વસતા હોય ત્યાં પણ પૂરી વ્યવસ્થા અને ચોક્સાઇ જળવાઇ રહે તેના આગ્રહી. પોતાના લેખનનાં પુસ્તકો પણ વ્યવસ્થિત મૂકે. કોઇ આઘુપાછું મૂકે તો ગમે નહિ. કદી કોઇ ચોપડી જોઇતી હોય અને તેઓની પેટીમાંથી કાઢીને લાવવાની હોય, તો કયી રીતે કયા ખૂણે મૂકેલી છે તે વિગતે સમજાવે.

સાદાઇ અને સુઘડતા તો નમૂનારૂપ. સફેદ સ્વચ્છ ખાદીનાં કરચલી વગરનાં વસ્ત્રો, ધોતિયું, બંડી અને ઉપર ઓઢવાનો કકડો. આ એમનો રોજનો પોષાક. તેઓ કહેતા—"સફેદ વસ્ત્રો અમને એટલે ગમે છે કે તેમાં સહેજ પણ ડાઘ હોય તો તુરત જણાઇ આવે. અમે જીવન પણ એવું જ જીવીએ છીએ, જેમાં ક્યાંય કોઇ ડાઘ ન હોય. અમારાં બાહ્ય વસ્ત્રો અમારા આંતરિક જીવનનું પ્રતિનિધિત્વ કરે છે. જેવું અંદર છે એવું જ બહાર છે."

એક આદર્શ માનવમાં હોવા જોઇએ તે સર્વગુણોનો સમન્વય એટલે મહાત્મા શ્રી યોગેશ્વરજી. માનવની સાચી મહાનતા તેની ખ્યાતિ કે બહોળા શિષ્ય સમુદાય પરથી અંકિત નથી થતી. તેનો મુખ્ય આધાર તો તેનું વ્યક્તિગત જીવાતું જીવન છે. એ દૃષ્ટિએ તેઓશ્રી એક અતિ વિરલ માનવ લાગે. જાણે જીવનરૂપી બાગમાં સર્વે સદ્‌ગુણોનાં સુગંધિત પુષ્પોના ક્યારા જ ના હોય, એવું મઘમઘતું પવિત્ર જીવન.

પ. પૂ. યોગેશ્વરજીનું આવું સર્વોત્તમ જીવન આપણને ઘણું બધું શીખવી જાય છે. એઓશ્રીના જીવનના એકાદ પાસાને પણ જો આપણે સાચી રીતે સમજીએ ને અનુસરીએ, તોપણ ઘણું છે. તેઓ તો મહાસાગર સમ હતા. તેની એકાદ અંજલિ પણ આપણને કૃતાર્થ કરવા પૂરતી છે.

આજના યુગમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજીનું સર્વશ્રેષ્ઠ પ્રદાન જો કંઇ હોય તો મારા મત પ્રમાણે તે મા શ્રી સર્વેશ્વરી છે. પ્રેમ, પવિત્રતા, ગુરુભક્તિનાં તેઓ સાક્ષાત્ મૂર્તિ સમાન છે. વ્રત, જપ, તપ ને નિયમોનાં આધારસ્થંભ. કહો કે તેઓ પ. પૂ. શ્રી યોગેશ્વરજીના યુગકાર્યને આ પૃથ્વી પર ચરિતાર્થ કરવા, આગળ ધપાવવા જ આવ્યાં ન હોય એવું લાગે. એમનો પ્રત્યક્ષ પરિચય સહુ માટે એક વિરલ અનુભૂતિ બની રહે, પૂ. યોગેશ્વરજી જે મૂલ્યો ને ગુણો માટે જીવ્યા, તેમને સમાજમાં પ્રસરાવવા તેઓનો પુરુષાર્થ છે. એઓનાં તપ, સાધના ને વિચરણ માટેનો એક માત્ર શુભ હેતુ માનવી કોઇપણ પ્રકારે સારો માનવ બને, જ્યાં રહે ત્યાં સુખ ને શાન્તિ ફેલાવે ને પ્રભુના પંથે આગળ વધે—એ જ રહ્યો છે.



આપણે ઇચ્છીએ કે પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ સેવેલું એ સ્વપ્ન વ્યાપક પ્રમાણમાં માણસના આત્મિક ઉત્થાનનું, મા શ્રી સર્વેશ્વરીદ્વારા સાકાર થાય. જે દિવસે એ થશે ત્યારે એ અવતારી મહાપુરુષને આપણે સાચી અંજલિ આપી એમ લેખાશે. આજે તો તેઓનાં અને પૂ. માનાં શ્રી ચરણોમાં વંદના કરી—એ શુભ ઘડીની પ્રતીક્ષા કરીએ.

**પૂ. શ્રી યોગેશ્વરજીના**

## જન્મદિનની ઉજવણી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો જન્મદિન તા. ૧૫ મી ઓગસ્ટે અમદાવાદ ખાતે શ્રી દેવેન્દ્ર વિજયજી સત્તર તાલુકા ઔદીચ્ય જ્ઞાતિ સમાજભવન, હાઇકોર્ટ સામે, ઉજવવામાં આવશે. સહુ સાધક ભાઇબહેનોને નિમંત્રણ છે. કાર્યક્રમ સવારે ૧૦ થી સાંજના ચાર સુધીનો રહેશે. કાર્યક્રમનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યું છે.

તંત્રી

**લવાજમ મોકલાવો**

અધ્યાત્મ માસિક સપ્ટેમ્બર ૯૧ માં તેનાં અગિયાર વર્ષ પૂરા કરે છે. એટલે જે ગ્રાહકોનાં વાર્ષિક લવાજમ સપ્ટેમ્બરમાં પૂરાં થતાં હોય તેઓ વેળાસર તે મોકલાવે. તેવી વિનંતી

તંત્રી

## જગ આજ...

જગ આજ દુઃખે સળગે છે.
ક્ષણ ક્ષણ પલ પલ ઝંખે શક્તિ
વિનાશને વળગે છે. જગ આજ...

આધિ, વ્યાધિ, ઉપાધિ સહી, આ
વૈશ્વિક–સંકટ વાતો,
અધિક–અધિકતર–તમ અણુ પ્રાપ્તિ
નભને મારે લાતો !
વિશ્વ–શાંતિની ચર્ચા ટાણે
સમરમદે છલકે છે. જગ આજ...

બુદ્ધ–મહાવીર–ઈશુ–ગાંધીની
વાતો વિશ્વ વિસારે,
બ્રહ્માની સરજત વર વસુધા
ડુંગર–આંસુ સારે;
રૌદ્ર રસે રાચે માંધાતા
કાળ–પ્રભુ મલકે છે. જગ આજ...

'કાલોડસ્મિ'ની વાત પ્રભુની
દુઃખિયાં અન્તર ઠારે,
એકવાર તો ખાંડવવન આ
વિશ્વ–વાટિકા બાળે;
માનવમૂર્ખોની મૌલિકતા
યુદ્ધ વિષે ઝળકે છે. જગ આજ...



મહાવીરબુદ્ધ ઈસુગાંધીનું અવરોહણ નવ ચાલે;
યુદ્ધ–પિપાસા મન્યુ પ્રેરે
કેશ કાળ જ્યાં ઝાલે,
એકવાર છો થાય પ્રલય જો
નવમાનવ પ્રગટે છે !
જગ આજ દુઃખે સળગે છે. જગ આજ...

ડો. રણજિત પટેલ (અનામી)

## ગુરુપૂર્ણિમાની ઉજવણી

આ વર્ષે ગુરુપૂર્ણિમાની ઉજવણી અમદાવાદ ખાતે સત્યપથમાં કરવામાં આવી હતી. સ્થાનિક ભક્તોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મસ્થળ સરોડા ખાતે પણ સવારે પૂજન અને બપોર પછી ભજન–ધૂનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગામ-લોકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

ભાવનગર ખાતે પણ ગુરુપૂર્ણિમાના દિવસે પૂ. શ્રીનું ટેપ પ્રવચન, સામૂહિક એકસો પચ્ચીસ દંડવત્ પ્રણામ, ભજન–ધૂન અને મા શ્રી સર્વેશ્વરી વિષે વાર્તાલાપ આપવામાં આવ્યો હતો.

# માતૃદર્શનનો મહોત્સવ-૧

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

જીવનમંગલ માણવા માટે અવસર આવ્યો અનોખો,
જો જો રહી જાય અંતરમાંહી નાનો કે મોટો ધોખો;
નિર્ભર આત્મપ્રકાશે રહીને કાપવી કેડી ચારું.
ભાઇ, આ તો ઉત્સવટાણું.

છે એવું કોઇ કે જેમણે પૂ. મા સર્વેશ્વરીના જીવન માંગલ્યને જાણ્યા માણ્યા પછી કૃતાર્થતાનો અનુભવ ન કર્યો હોય! કે આ અમુલખ અવસર સાંપડયા પછી જેમનું અંતર બોલી ઉઠયું ન હોય કે 'ભાઇ, આતો ઉત્સવટાણું?

ખરેખર પૂ. મા આપણા સૌના જીવનમાં મંગલ મહોત્સવ લઇને પધાર્યાં છે. જીવનની પ્રત્યેક ઘડી એ દિવ્ય સાન્નિધ્યે મહોત્સવ બનીને મ્હોરી ઉઠી છે.

મા, અમે કોને કેવી રીતે સમજાવીએ કે 'અમારા મા' કેવાં મીઠાં મીઠાં, મધુરાં ને રસીલાં છે! મા, લખી લખીને શું લખીએ? આપના અનંત વાત્સલ્યનું અમૃતપાન તો અંતર અનુભવે છે. મા તમે 'ખરાં મા' છો, મેલાંઘેલાં બાળકોને ગોદમાં લો છો અને સ્નેહસુધામાં સ્નાન કરાવી પ્રફુલ્લિત બનાવો છો.

મા, આપનું કૃપામૃત પાન ક્યારેય અટક્યું નથી. બાળકો માટે સતત વહ્યા જ કરે છે. આવનવા પ્રસંગોની હારમાળા સર્જી પ્રેમસુધાને પાયા કરો છો. અહીં જ જુઓને, પ્રસંગ છે રામાયણ ગાનનો પણ મહોત્સવ છે માતૃદર્શનના માંગલ્યનો.



તારીખ ૫, નવેમ્બર '૯૦ નું મંગલ પ્રભાત. જીવનમાં માતૃદર્શનનો મહોત્સવ લઇને આવ્યું. રામાયણના ગાન અને માતૃદર્શનના અદ્‌ભુત રસપાનનો એ અનોખો અવસર હતો. રામાયણનો સાર ત્યાં માતૃદર્શનમાં મૂર્તિમંત થતો હતો. આપણે એ દિવસોમાં ફક્ત રામાયણનું પારાયણ જ નથી કર્યું, પણ સાથે સાથે માતૃદર્શનનો મહોત્સવ પણ માણ્યો છે. રામાયણની એ આદર્શ પતિત પાવન જીવનવિચરણની કથાનું પ્રતિબિંબ આજે પણ પ્રતિબિંબિત થઇ શકે છે એ ન ભૂલીએ!

રામાયણની દિવ્યતા આજે પણ પૂ. મા સર્વેશ્વરીના પ્રકટ સ્વરૂપમાં પ્રકટેલી પેખી શકાય છે. એટલે જ વડોદરામાં અલ્કાપુરીમાં શ્રી જિતુભાઇ ગાંધીને આંગણે પૂ. માના મધુર કંઠે ફક્ત રામાયણ ગાનના રસપાનને જ નથી માણ્યું, પરંતુ એ પ્રકટ પ્રેમસ્વરૂપ માતૃહૃદયમાંથી વહેતા દિવ્યપ્રેમની રસલ્હાણ પણ લૂંટી. હા, એ માતૃપ્રેમની રસલ્હાણ જ હતી, દિવ્યદર્શનની ત્યાં જાણે અસ્ખલિત પ્રેમગંગા જ પ્રકટી ગઇ હતી! બસ, એ માતૃકૃપાની મહેર પ્રભાતથી સંધ્યા સુધી દિવસોપર્યંત મન મૂકીને વરસી રહી. પંચામૃતનું ફક્ત ત્યાં આચમન જ ન હતું, આકંઠપાન હતું! એ કૃપાવર્ષાની પ્રેમલધારામાં જેમણે મન મૂકીને સ્નાન કર્યું છે, તેમના મનના મેલ ધોવાયા છે. એ દિવ્ય દર્શનના અમૃતને જેમણે આંખોમાં આંજ્યું છે. તેમની તો મીરાંબાઇ કહે છે તેમ "ઉલટ ભયે મોરે નયન કી" જેવી અલૌકિક અવસ્થા થઇ છે. જે દૃષ્ટિ આગળ પહેલાં મોહ, લોભ ને કામની સૃષ્ટિ હતી તે હવે ઉલટીને ત્યાં દિવ્યદર્શનના પ્રતાપે સર્જાય છે પ્રેમ, પ્રસન્નતા અને માધુર્યની સૃષ્ટિ!

રામાયણના ગાને અને માતૃવાત્સલ્યના પાને શ્રી જિતુભાઇ આંગણે શુચિતાપૂર્ણ વાતાવરણની એક અનુપમ, આહ્લાદક, અલૌકિક સૃષ્ટિ ખડી કરી દીધી હતી! એક સપ્તાહસુધી એ પાવન શ્રી ચરણોની ધુલિમાં આળોટવાનું સૌભાગ્ય મળ્યું ત્યારે આ સૃષ્ટિ વિસરાઇ ગઇ હતી. સતયુગ, કળીયુગના ભેદ ભૂલાઇ ગયા હતા, દર્શન હતું માત્ર માતૃવાત્સલ્યથી સભર પ્રેમસૃષ્ટિનું! ભગવાન ભક્તને દર્શન આપે પછી તેને ક્યાં સત્, ત્રેતા, દ્વાપર કે કળી-યુગના પ્રભાવની પડી હોય છે! એને માટે તો પ્રેમાનંદની એક અનોખી ભાવસૃષ્ટિ ખડી થઇ જાય છે. જેમણે પણ એ પરમ-શક્તિના પદપદ્મ પ્રેમરસપાનને અંતરથી આસ્વાદ્યું છે તેઓ એ પ્રેમાનંદના ભાવસાગરમાં જાણે ઓતપ્રોત થઇ ગયા છે, સમાઇ ગયા છે.

આધ્યાત્મિક ગ્રંથોનું રસામૃતપાન પ્રભુના પ્રેમીના શ્રદ્ધા-ભક્તિ સંપન્ન ઉરની ઓજસ્વી વાણી દ્વારા પામવું, એ પ્રભુની કૃપા વિના શક્ય નથી. દુનિયાની દમામદાર ચહલપહલથી દૂર આવી વિરલ વિભૂતિનાં અંતરમાંથી વહેતી પ્રભુપ્રેમની ગંગામાં સ્નાન એ વિરલ યોગ છે.

આવો વિરલ યોગ અહીં ધીરજબાગના પાવન પ્રાંગણમાં ઊભો થયો છે. આવો યોગ એ જીવનને યોગમય બનાવવાની અમૃતઘડી છે. જુઓને, અહીં જ પ્રયાગરાજનું પાવન તીર્થ પ્રકટી ગયું છે ને! શ્રી રામકથાની પાવનગંગા, જેના જીવનમાં રામાયણના આદર્શો ચરિતાર્થ થયા છે તે પૂ. મા સર્વેશ્વરીની શુચિ સ્નેહ સરસ્વતી અને જેના પવિત્ર તટે પ્રભુ રમણ કરવા રાજી થઇ જાય તેવા ભાવિક ભક્તોની ભાવયમુના! પ્રયાગરાજના આ



પાવનતીર્થમાં જેમણે મનમૂકીને સ્નાન કરી લીધું તેમના મનના મેલ ધોવાઇ ગયા! સ્નાન પછીના એ પવિત્ર જીવનનો એહસાસ આજે પણ અનુભવી રહ્યા હશે એમાં ક્યાં શંકાને સ્થાન છે!

શ્રીમદ્ ભાગવત રસપાન, તેમ પાવન ગંગાતટે અને તેમાંય વળી પરમ ભાગવત શ્રી શુકદેવજી મહારાજના શ્રી મુખેથી, આ સુયોગ એ પરમ દિવ્યતાનો સાક્ષાત્કાર નહીં તો બીજું શું? પ્રભુના ગુણગાન અને તે વળી પ્રભુના પાગલ પ્રેમીનાં કંઠે શું બાકી રહે? તરબોળ થઇ જવાય! કથા અને કથાકારનો એવો સુયોગ અહીં સાકાર થયો છે.

પૂ. માનું જીવનદર્શન કરીશું તો એ લીલામય જીવનમાં આપણને ભાગવત, રામયણના આદર્શો મૂર્તિમંત્ર પ્રકટેલા અનુભવી શકીશું! તપ, પ્રેમ, ત્યાગ, સેવા, સમર્પણ, શ્રદ્ધાભક્તિ શું નથી એ જીવનમાં? અને એ પણ અલ્પ પ્રમાણમાં નહીં પરંતુ એ દિવ્યગુણોનાં પુષ્પો અહીં પૂર્ણપણે પ્રકટ્યાં છે, એ અમીટ પાવન સુવાસથી મઘમઘી ઉઠયાં છે. પૂ. માના જીવનમાં એ રઘુકુલ-રીતિનો મહિમા, ગૌરવ એટલાં જ તેજસ્વીપણે પ્રકટી રહ્યાં છે.

જુઓને! કેટલીય અહલ્યાઓનો ઉદ્ધાર પૂ. માના પાવન પદપંકજ સ્પર્શે આજે પણ થયો છે અને થઇ રહ્યો છે. દેશવિદેશમાં આવા કેટલાય જડજીવનોને સંજીવની બક્ષી છે. આ બધી વાતો આપણે અધ્યાત્મના પૃષ્ઠોપર વાંચી છે. કેટલીયે શબરીઓની પ્રભુદર્શનની દિવ્યતૃષા અહીં તૃપ્ત થઇ છે. પનામાના ગુલાબબેનના પવિત્ર સંકલ્પની પૂર્તિની કથા કોણ નથી જાણતું?

પૂ. માના દર્શન ન થાય ત્યાં સુધઈ ઉપવાસી રહેવું તેવું આકરું વ્રત તેમણે લીધું. ભગવાન રામ જેમ સામેથી શબરીના

મનોરથ પૂરા કરવા ચાલીને શબરીના આશ્રમે પધાર્યા, અને દર્શન આપી શબરીને કૃતાર્થ કરી તેમ પૂ. મા પણ છેક પનામા ઉડીને પહોંચ્યાં અને ગુલાબબેનને તેમના પવિત્ર સંકલ્પની પૂર્તિરૂપે સાક્ષાત્દર્શન આપી મનોરથ પૂર્ણ કર્યો, ગુલાબબેન એક ઉદાહરણ છે. આવા બીજી શબરીસમા ભક્તો પૂ.માના દર્શન માટે અનેકવિધ તપો અને વ્રતો ગુપ્તપણે સેવી રહ્યાં છે. તો વળી હનુમાનજી જેવી સેવા અને સમર્પણ ભક્તિ પણ પૂ. માના જીવનમાં અનેકોએ પ્રકટેલી જોઇ છે. ગુરુદેવ પ્રભુની સેવા માટે તો પૂ. માએ મહાભિનિષ્ક્રમણ કર્યું અને કુટુંબ, પદ, પ્રતિષ્ઠા અને સંપત્તિ સર્વ એક પલકવારમાં છોડીને ચાલી નીકળ્યાં. જીવનની પંચવટીમાં રહીને આજે પણ અનેકના જીવનયજ્ઞને ભ્રષ્ટ કરતા તાડકા, સુબાહુ, અને મારીચ સમ કામ, ક્રોધ, લોભ ને મોહના રાક્ષસોનો ધ્વંસ કરતાં રહ્યાં છે. દેશ પરદેશમાં આ રાક્ષસોએ ઘણાના જીવનમાં ખરેખર દાટ વાળી નાંખ્યો છે. જીવનને નર્ક સમું બનાવી દીધું છે. પૂ. માના પાવન પદ્સંચારે આ રાક્ષસો જીવનમાંથી ભાગ્યા છે. અને એ જીવન આજે નંદનવન સમાં લહેરાતાં થયાં છે. રાવણ અને કુંભકર્ણ જેવા મહારાક્ષસોનો નાશ કરી જીવનમાં શાંતિરૂપી સીતાની પ્રતિષ્ઠા કરી છે.

તાત્પર્ય એ જ કે જે શ્રીમુખમાંથી રામકથાની પાવનગંગા પ્રકટે છે એ મુખમાં, જો પાત્રતા હોય તો યશોદા અને અર્જુનની જેમ આજે પણ વિશ્વરૂપદર્શન પામી શકો છો એમાં લેશમાત્ર શંકા નથી. આપણે અહીં વડોદરામાં શ્રી જિતુભાઇના વાલ્મિકી આશ્રમસમા ઘરના પવિત્ર વાતાવરણમાં જે કથા અને કથાકારને સાંભળી રહ્યા છીએ, એ કોઇ સાધારણ કથા કે સામાન્ય કથાકાર



નથી. કથા એ ગંગા અને કથાકાર એ ગંગા જ્યાંથી પ્રકટી છે, તે વૈકુંઠપતિ વિષ્ણુસ્વયં !

આપણે અહીં રામાયણકથા સાંભળવી નથી, પરંતુ એ કથાની સત્યતાને, પવિત્રતાને સુંદરતાને અંતરથી આસ્વાદવી છે, પ્રકટ સ્વરૂપે પામવી છે.

અહીં નાનકડો આશ્રમ છે, એ આશ્રમ વનમાં નહીં, પણ નગરમાં છે. એટલે એની પવિત્રતા, સુંદરતા કંઇ ઓછી નથી. ઘર જ આશ્રમ જેવું પવિત્ર હોય તો પછી વનમાં જવાની શું જરૂર! એટલે જિતુભાઇનો આ આશ્રમ અને એમાં વસતા આશ્રમવાસીઓની આસ્થાની શું વાત કરવી?

હરિદ્વારને બદલે અહીં વડોદરામાં પૂ. માની પારાયણ કરવાની ઇચ્છા થઇ એટલે આ આશ્રમ પૂ. માને સોંપી દીધો. જિતુભાઇ તો અહીં છે નહીં, એટલે તેમના સુપુત્ર ભરતના ખભે બધો ભાર છે. એ ભાર ભરતભાઇએ ઉપાડી લીધો, અને ઘરને પુષ્પોથી, લતાઓથી, મંડપથી શણગારી સજાવી નયનરમ્ય આશ્રમનું સ્વરૂપ આપી દીધું. એક જ દિવસમાં પૂ. માની આજ્ઞાને માથે ચડાવી, ભારે જહેમત ઉઠાવી, રાતદિવસ એક કરીને રળિયામણો કથા મંડપ ઊભો કરી દીધો. પૂ. માનો પડચો બોલ જીલવાની જે તત્પરતા શ્રી ભરતભાઇએ બતાવી તે થકી આ જ્ઞાનયજ્ઞનો લાભ સૌ પામી શક્યા. એકજ દિવસમાં ત્રણસો જેટલા સાધકો માટે રહેવાની, જમવાની અને કથાશ્રવણની જે વ્યવસ્થા થઇ તે પ્રભુકૃપા વિના શક્ય નહતી. વળી શહેરમાં અશાન્તિ હતી તેવા સમયે.

રઘુનાથગાથાના શ્રવણલાભ સાથે આ પાવન પ્રસંગ સાચા અર્થમાં માતૃદર્શનનો મહોત્સવ બની ગયો! એક સપ્તાહ સુધી એ

સોનેરી દિવસો માતૃદર્શનના મહોત્સવનો જે મનોહર ઉપહારનો મંગલ અમૃત થાળ લાવ્યા તેના આસ્વાદે ખરેખર અમૃતના ઓડકાર આવ્યા. એ દર્શનોત્સવમાં સૂર્યોદયનો સૂર્યાસ્ત ક્યારે થઇ જતો તે વિસરી જવાયું! એ દર્શને પ્રભાતે પ્રકટતી પ્રસન્નતા સંધ્યાની વિવિધ રંગી આત્મામાં પણ એવી જ પ્રકટતી! કથાનું પારાયણ તો ત્યાં હતું જ, પરંતુ એ દર્શનનું પરમ સુખ તો અહર્નિશ ચાલ્યા કરતું!

મંગલ મુખનું દર્શન કરતાં હૈયું હરખી જાય,<br>
ભાવ વિભોર બનીને ઉછળે સહજ સમાધિ થાય;<br>
એ ઉત્સવની તોલે કોઇ ઉત્સવ ખરે ન આવે,<br>
કો બડભાગી જન એ પાવે, કો બડભાગી ગાવે!

ચાલો, ત્યારે એ દર્શનની માધુરી માણીએ. આજે પારાયણ-નો પ્રથમ દિવસ છે. કેવું મનોહર છે એ પુણ્ય પ્રભાત! પ્રભાતની મંદમંદ વાયુલહરીઓ સાથે ઉમંગ અને ઉત્સાહ ભરતમુનિનાં આ પાવન આંગણે ફરી વળ્યાં છે. એ નાનકડા આશ્રમની શોભા અને શણગારમાં પ્રેમાનંદ મધમધી રહ્યો છે. એ પાવન દર્શનલાભે માનવ હૈયાઓ મ્હોરી ઉઠયાં છે! પાવન દર્શનપર્વની મંગલતા અહીં સાકાર બની છે. એ પ્રેમદર્શન આખરે પ્રકટી ગયું! જુઓ પૂ. મા પધાર્યાં! ગુરુદેવ પ્રભુને હૈયાસરસાં ચાંપીને! મંગલ શંખ-ધ્વનિના સ્વાગતથી કથામંડપ ગુંજી ઉઠયો! પ્રથમ ગુરુદેવને પધરાવી, સાષ્ટાંગ પ્રણામ કરી વ્યાસપીઠ પર બીરાજ્યાં છે, કેવું મધુરું છે. એ પ્રેમલતાનું પ્રસન્ન સ્વરૂપ! બસ, અમારે તો જે જોઇતું હતું તે મળી ગયું. હવે બીજી કથા પ્રારંભ થાય તો ભલે અને ન થાય તોય ભલે, પણ અમારી દર્શન કથા તો આરંભાઇ



ગઇ. એ દર્શન દ્વારા પૂ. મા અમારા રોમેરોમમાં ભ્રમણ કરી રહ્યાં! દર્શનનું ભ્રમણ એટલે દર્શનાયના એટલે અહીં બે પાવનતીર્થો, રામાયણ અને દર્શનાયનનું સંગમ સ્નાન છે. ચાલો, ત્યારે એ સંગમતીર્થમાં સ્નાન કરી પાવન થઇએ.

એ જીવન ગંગોત્રીમાંથી પ્રકટતા એક પાવન ઝરણામાં સ્નાન કરીએ. જુઓ, પૂ. મા ઉઠયાં છે, શ્રી નારાયણભાઇ શ્રી બાબુભાઇ, શ્રી સુશીલાબેન વિ. વડીલોને કથારંભે પ્રણામ કરે છે. રામાયણના પારાયણ દ્વારા પૂ. મા આપણને જે શીખવવા માગે છે તે પ્રથમ તેઓ આચરી બતાવે છે. જીવનમાં મંગલકાર્યો કરતાં પહેલાં વડીલોના આશીર્વાદ લેવા, નમ્રતાપૂર્વક પ્રણામ કરવા તે જીવન વિકાસનું પ્રથમ સોપાન છે. એ પદાર્થપાઠ એ પ્રથમ દર્શનનો છે.

આ પુણ્યકાર્યનો ભાર જેમના ખભે છે તેવા શ્રી ભરત-ભાઇને પૂ. મા હાર્દિક ધન્યવાદ આપે છે, જિતુભાઇના માતા–પિતા શ્રી મગનભઆઇ અને ધીરજબાને, પ્રેમપૂર્વક યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

પૂ. મા કહે "આજે આપણે જે રામચરિતમાનસનું ગુજ-રાતીમાં પારાયણ કરવાના છીએ તે પૂ. શ્રીની કલમપ્રસાદી છે. તેમણે ગુજરાતની જનતાપર કૃપા કરી, સંત તુલસીદાસની એ પાવનકૃતિને ગુજરાતીમાં અક્ષરશઃ ઉતારી છે. ગુજરાતી જાણતો બધો વર્ગ તેનું પારાયણ કરી આત્મિક શાંતિનું અમૃત પ્રાપ્ત કરશે.

કથારંભે પૂ. મા, પૂ. શ્રીનું પ્રેમપૂર્વક સ્મરણ કરે છે.

યોગેશ્વર ભગવાન–

એ છે મારા જીવનના આરામ,
કરું છું એના ચરણે કોટિ પ્રણામજી–

ત્યાર પછી પૂ. શ્રીના દૈનિક લીલાપ્રસંગોનું ગાન કરે છે.

યોગેશ્વર પ્રભુ દર્શન આપે,
સત્યપથના દ્વારે રે
દર્શન કરતાં શીશ નમાવી
સર્વેશ્વરી સુખ પામે રે.

પૂ. માએ પૂ. શ્રીના દૈનિકજીવનના લીલાપ્રસંગો કાવ્યમાળા-માં ગૂંથ્યા છે, તેનું અત્યારે ગાન કરી રહ્યાં છે. પૂ. માના મધુર કંઠને શબ્દોમાં નથી ઉતારી શકાતો, નહીંતર આ પૃષ્ઠોએ કંઠ-માધુર્યથી ગૂંજી ઉઠયાં હોત! પૂ. મા મનથી નહીં, અંતરથી ગાન કરે છે, અંતરના ભાવ સાથે કંઠનું માધુર્ય ભળતાં એ શબ્દ શબ્દ ન રહેતાં, શબ્દ બ્રહ્મનું સ્વરૂપ ધારણ કરે છે. પૂ. માના ભજનરસની આ અનોખી મસ્તી છે.

બાલકાંડથી રામાયણનું ગાન શરૂ થઇ ગયું છે. વાજિંત્રોના તાલથી, રામાયણ ગાનની મધુરતા સર્વત્ર છવાઇ ગઇ છે. એક દિવ્ય વાતાવરણમાં જાણે સૌ ડૂબી ગયા છે! વિવિધ છંદોના ઢાળમાં વહેતી, આ રામાયણગંગાનું આ સ્નાન જાણે ત્રિતાપનું શમન કરે છે.

છેક દૂર દેશાવરથી પાંત્રીસ જેટલાં ભાઇબહેનો આ પવિત્ર સંગમતીર્થમાં સ્નાન કરવા માટે આવી પહોંચ્યાં છે.

પૂ. મા જપનું મહત્ત્વ સમજાવી રહ્યાં છે. જો નામને આપણે શ્રદ્ધાપૂર્વક જપ્યાં કરીશું તો નામી જરૂર એક દિવસ



આવશે. પૂ. મોટાના જીવનપ્રસંગની વાત કરતાં પૂ. મા કહે "સાબરમતીમાં એક સંત કહે, મારે ચુનિલાલને મળવું છે. એમ વારંવાર બોલ્યા કરે છે. છેવટે એ વાત પૂ. મોટા પાસે પહોંચી કે તમને એક સંત સતત યાદ કરી રહ્યા છે. પૂ. મોટા ત્યાં પહોંચ્યા તો પૂ. મોટા માટે તે જીવનપરિવર્તનનો પ્રસંગ બની ગયો. તે મહાપુરુષે પૂ. મોટાને દીક્ષા આપી અને સાધનાના ગૂઢ સંકેતો સમજાવ્યા. પૂ. મોટાના જીવનને એક નવી દિશાની સાથે ગુરુની છત્રછાયા પણ મળી."

સાર સમજાવતા પૂ. મા કહે "જેમ ચુનિલાલ, ચુનિલાલ જપતાં છેવટે પેલા સંતપુરુષને ચુનિલાલ મળ્યા, તેમ આપણે પણ રામનામ જપતા રહીશું તો એક દિવસ આપણને પણ રામ જરૂર મળશે. દિવસો સુધી શ્રદ્ધાપૂર્વક જપને વળગી રહેવું જોઈએ. એકધારું સતત રટણ એક દિવસ જરૂર ફળે છે." નામનો યશ ગાતા પૂ. મા કહે, "નામનો જપ સૌથી સહેલો ઉપાય છે. જપ કરવામાં કોઇ યોગ, જ્ઞાન કે તપની જરૂર પડતી નથી. નામજપમાં જ સર્વસાધના આવી જાય છે."

પૂ. માએ પ્રથમથી જ સૂચના આપી છે કે રામાયણ એ પ્રભુનો અક્ષરદેહ છે. એટલે તેની પવિત્રતા જળવાય તે રીતે આદર કરવો જોઇએ. રામાયણ ગ્રંથને નીચે ન મૂકવાની પૂ. માએ સૂચના આપી છે. પૂ. મા પોતે પણ એ ગ્રંથને સ્વઅંકમાં પધરાવી ગાન કરે છે. ગ્રંથની મર્યાદા અને ગૌરવ પારાયણ દરમ્યાન બરાબર જાળવવામાં આવે છે.

પૂ. મા કહે, "કોઇપણ વ્રત ઊંડો વિચાર કરીને લેવું, અને લીધા પછી તેને દૃઢતાપૂર્વક વળગી રહેવું. પૂ. શ્રીનું સાન્નિધ્ય

પામવા અમે પણ કેરી ન ખાવાનું વ્રત લીધું હતું, કસોટી થઈ, માતાપિતાએ ખૂબ જ ભાવપૂર્વક કેરી લેવાનો આગ્રહ કર્યો, પરંતુ અમે માતાપિતાના ભાવભર્યા આગ્રહ છતાં ઝૂક્યાં નહીં, છેવટે કપુરા જવાનું પણ બંધ કર્યું. પણ કેરી ન લીધી તે ન જ લીધી."

આજે તો જીવન જ વ્રતનું પર્યાય બની ગયું છે. વ્રતરૂપી વૃક્ષ ખૂબ જ વિશાળ બન્યું છે, તેનાં મૂળ ખૂબ જ ઊંડા ગયાં છે. આજે તો એ જીવનવૃક્ષ રિદ્ધિ સિદ્ધિઓથી લચી પડ્યું છે. જીવનની અગાધ ગહનતા કે આભને આંબતી કોઈ ઊંચાઈ એવી નથી કે જે પૂ. માએ પ્રાપ્ત કરી ન હોય!

આપણો આ પૃષ્ઠો પરનો લખાણનો હેતુ રામાયણ ગાનનો નહીં, પણ દર્શનના અમૃતપાનનો છે. પ્રભાતે પંખીઓના કલરવ સાથે પ્રાપ્ત થતો આ દર્શનયોગ છેક સંધ્યાની વિદાય વેળાએ પણ એવું જ દર્શનસુખ આપે છે. ખરેખર એક દુર્લભ યોગ, અહીં સુલભ થયો છે. જેના જીવનમાં દિવ્ય તૃષા જાગી છે તેની તૃપ્તિ આ દર્શનયોગમાં છે. દર્શન સુખની કૃતાર્થતા એ કંઈ શબ્દોમાં વ્યક્ત થઈ શકતી નથી. વાત ગળે ઉતરે ન ઉતરે પણ જે પામ્યા છે તેની આ પહોંચ છે.

રસના ફુવારા એમાં અખંડ ઊડી રહ્યા છે,
અંતર કરી રહ્યું છે સ્નાન;
સંજીવન પામી મારું જીવન ગાઈ રહ્યું છે,
ધીરેથી ધન્યતાનું ગાન;
મંગલમય મુખડે
લાગી ગયું છે. મારું ધ્યાન.



# નામ – રૂપની વિવિધતા

જગત – સંસારમાં સૌનાં, રુચિ – શ્રદ્ધા ન સરખાં છે!
તેથી જ एक ઈશ્વરનાં, નામ – સ્વરૂપ નિરાળાં છે!
એકસરખી રીતે – ભાતે, બધાં ના બોધ પામે છે,
જેને જે રુચે છે તે — સહજ ને શ્રેયકારક છે!

## મથે તે મેળવે નિશ્ચે!

પ્રભુની દિવ્ય શક્તિઓ, બીજક – રૂપે મળે સૌને!
જીવન પ્રગટાવવા એને, શૂરાતન ખેડવાનું છે!
દિશા ને દૃષ્ટિપૂર્વકના, નિરંતર યત્ન – અભ્યાસે
'મથે તે મેળવે નિશ્ચે!' — પ્રભુનો કોલ છે સૌને!

## જીવન ઘડતર

પ્રસંગો આપમેળે જે પ્રગટતા — હેતુપૂર્વક છે!
કયી રીતના અને ક્યારે? — પ્રયોજન એ પ્રભુનું છે!
ભલે માઠા મળે તોયે, નિરાળો નિજ હેતુ છે!
મળે શિક્ષણ 'અનુભવ'નું — જીવન તેથી ઘડાતું છે!

— રતિલાલ ભાવસાર

# એકનાથની ગુરુભક્તિ

લક્ષ્મણ નારાયણ ગર્દે

એકનાથજી મહારાજનો જન્મ મહારાષ્ટ્રમાં આવેલ પૈઠણ નામના ગામમાં થયો હતો. પિતાનું નામ સૂર્યનારાયણ અને માતાનું નામ રૂક્મિણિ. એકનાથજીનાં બાલ્યકાળમાં જ તેમનાં માતા–પિતાનો દેહવિલય થયો. આથી એકનાથજીનું લાલન–પાલન કરવાનો બધો ભાર તેમના પિતામહ શ્રી ચક્રપાણિ ઉપર આવી પડયો.

એકનાથજી મહારાજના ગુરુનું નામ જનાર્દન સ્વામી હતું. તેમના અનેક શિષ્યોમાં એકનાથજી તેમના પટ્ટશિષ્ય હતા.

જ્ઞાનેશ્વરી ગીતાના અધ્યાય ૧૩ માં શિષ્યનાં જે લક્ષણો જણાવવામાં આવ્યાં છે "શિષ્ય એવો હોવો જોઈએ કે ગુરુ–સંપ્રદાય–ધર્મ એ જ જેનો વર્ણાશ્રમ–ધર્મ હોય, ગુરુની સેવા એ જ નિત્યકર્મ હોય, જેની જીભ ઉપર ગુરુના નામનો જ મંત્ર હોય અને જે ગુરુવાક્ય વિના શાસ્ત્રને પણ અડકે નહિ." આ સર્વ ગુણોથી એકનાથજી સંપન્ન હતા.

આજે જ્યાં ત્યાં ગુરુ–શિષ્યો ભટકતા ફરતા નજરે પડે છે, પરંતુ નાથ જેવા વિરક્ત શિષ્ય અને જનાર્દન સ્વામી જેવા વિચારવાન ગુરુનો સંયોગ અતિ દુર્લભ છે. એકનાથજીની શ્રદ્ધા અને બુદ્ધિશક્તિ પ્રચંડ હતી. પૂર્વાભ્યાસના બળથી નિષ્પાપ થયેલા આ શિષ્યને જનાર્દન સ્વામીએ લોહચુંબકની પેઠે પોતા તરફ ખેંચી



લીધો અને સ્વામીની આ દયાળુતાને આ ઉત્તમ શિષ્યે સફળ પણ કરી.

સ્વામીજી ઉપર નાથજીને દેવતુલ્ય શ્રદ્ધા હતી. ગુરુ અને ઈશ્વર જુદા નથી, એટલું જ નહિ, પરંતુ ઈશ્વરને પ્રાપ્ત કરાવનાર ગુરુ ઈશ્વરથી પણ શ્રેષ્ઠ છે, એ તેમણે પોતે જ પોતાના ભાગવતમાં લખ્યું છે. ઉપાસના માટે ઉપાસકે સગુણ ભગવાનની કોઈ ને કોઈ મૂર્તિ સામે રાખવી પડે છે. અખંડ ધ્યાન–ધારણા દ્વારા તે મૂર્તિમાં બોલતા–ચાલતા ભગવાનને જાગ્રત કરવા માટે તથા સગુણ સાક્ષાત્કારને માટે પ્રચંડ એકનિષ્ઠાની આવશ્યકતા હોય છે. ભક્ત જે રૂપનું ધ્યાન કરે છે, તે જ રૂપમાં ભગવાનને ભક્ત માટે પ્રગટ થવું પડે છે. પરંતુ આટલું પણ દુઃખ નહિ વેઠતાં સામે જે સદ્‌ગુરુ સાકાર અને સગુણ રૂપમાં પ્રત્યક્ષ છે, તેમને જ પરમાત્મ ભાવથી પૂજવા અને નિત્ય એવું ધ્યાન ધરવું કે તે સદ્‌ગુરુ પોતાની સાથે વિશ્વની અંદર અને બહાર સર્વત્ર વ્યાપી રહ્યા છે, એનું જ નામ ગુરુભક્તિ છે.

નાથની ભાવના મહાન હતી અને ગુરુ સમર્થ હતા. શિષ્ય શુદ્ધ હોય, ગુરુ સમર્થ હોય અને શિષ્યની ભાવના દૃઢ હોય, આ ત્રિવેણીસંગમમાં જ નિર્મળ ગુરુભક્તિનું શુદ્ધ સ્વરૂપ દેખાઈ આવે છે. ગુરુ અને ભગવાનમાં ભેદ નથી. સગુણ ભગવાન અને નિર્ગુણ ભગવાનમાં ભેદ નથી, ભગવાન અને વિશ્વમાં ભેદ નથી તથા ભગવાન અને આપણામાં ભેદ નથી, આવી અભેદભક્તિનો મર્મ એકનાથ મહારાજે ગુરુસેવામાં જ જાણ્યો.

એકનાથ મહારાજે પોતાના ગ્રંથોમાં ગુરુવિષે સેંકડો ધન્યોદ્‌ગાર પ્રગટ કર્યા છે.

(૧) ધ્યાનમાં ગુરુનું ધ્યાન કરવાથી શરીર બ્રહ્મભૂત થઇ જાય છે.

(૨) ધન્ય છે શ્રી જનાર્દન સ્વામીને કે જેમણે મારું અત્યંત કલ્યાણ કરીને મને દેહાતીત ભગવાન આપી દીધા.

(૩) ધન્ય છે એ સદ્‌ગુરુને કે જેમણે બ્રહ્મભુવન બનાવી દીધું.

(૪) સંસારરૂપી ઝેરી અજગર વળગી પડ્યો, ત્યારે ભગવાન જનાર્દન જ ધન્વંતરિ મળ્યા.

(૫) એકનાથ જનાર્દનનો લાડીલો છતાં ઘણો દુષ્ટ છે તોપણ જનાર્દન તેને પ્રેમના દૂધનું જ પાન કરાવતા રહે છે. આવા આવા અનેક પ્રકારે ગુરુપ્રેમના ઉદ્‌ગાર પ્રગટ કરેલ છે. શ્રી જનાર્દન સ્વામી ઉપર એકનાથની અપાર ભક્તિ હતી.

એકનાથ મહારાજ પોતાના અભંગોમાં કહે છે કે મારે માટે વેદ, શાસ્ત્ર, પુરાણ, યોગ, તપ, કર્મ, ધર્મ, સર્વ કંઇ જનાર્દન જ છે, આ બધાનો મર્મ સત્ શિષ્ય થયા સિવાય કદી જાણી શકાતો નથી. 'શ્રીગુરુનું નામ એ જ મારે માટે વેદ–શાસ્ત્ર છે.' આ મનોભાવનાનો મર્મ પણ ગુરુસેવાથી કૃતાર્થ થયા પછી જ સમજાય છે. ગુરુસેવા, ગુરુસહવાસ, ગુરુનામ, ગુરુકૃપા–એ એવી પ્રચંડ શક્તિ છે કે તે શક્તિ આગળ બીજાં બધાં સાધનો ફિક્કાં પડી જાય છે.

અનેક શાસ્ત્રો ભણાવનારી કોલેજો અને શારદાપીઠો કરતાં ગુરુને ઘેર રહેવાનું બળ વધારે છે. શાસ્ત્રગ્રંથો અને વિદ્યાપીઠો કરતાં સ્વાનુભવ સંપન્ન મહાત્માની સેવાનું ફળ અનેકગણું વધારે છે. એકનાથ મહારાજે એક સ્થળે કહ્યું છે કે, શાસ્ત્રાધ્યયનથી જે



જ્ઞાન નહોતું થયું, તે ગુરુની ચરણસેવાથી મને પ્રાપ્ત થયું. જનાર્દન સ્વામીની બાર વર્ષની સેવાથી એકનાથ જેવા મહાત્મા તૈયાર થયા, પરંતુ શું હિન્દુસ્થાનનાં હજારો વિદ્યાલયો, સેંકડો કોલેજો અને બધી યુનિવર્સીટીઓએ મળીને પચાસ વર્ષમાંયે આવો એક પણ મહાત્મા નીપજાવ્યો છે?

'महात्सेवाद्वारा माहुर्विमुक्ते' એટલે કે 'સદ્‌ગુરુ વિના રસ્તો જ મળતો નથી.' વગેરે વચનોનો એ જ અર્થ છે કે માત્ર શાસ્ત્રગ્રંથ વાંચવાથી જે સંસ્કાર મન ઉપર નથી પડતા, તે અધિકારી પુરુષનું આચરણ જોવાથી અનાયાસે જ પડે છે. શાસ્ત્ર બહુ બહુ તો બુદ્ધિને તેજસ્વી કરે છે, પરંતુ બુદ્ધિનાં બારણાં ખોલીને તે પરમાત્મસ્વરૂપની ઓળખાણ સંત અથવા સદ્‌ગુરુની કૃપાથી જ થઇ શકે છે.

આ પરમ જ્ઞાન તપથી, યજ્ઞથી, અન્નસંતર્પણથી, ગૃહસ્થાશ્રમમાં રહીને લોકોપકાર કરવાથી વેદાધ્યયનથી, જળ, અગ્નિ અને સૂર્યની ઉપાસનાથી કોઇ પણ પ્રકારે પ્રાપ્ત થતું નથી, તે તો માત્ર મહાન પુરુષોની ચરણરજ મસ્તકે ચઢાવવાથી જ પ્રાપ્ત થાય છે.

સંતોને ઘેર ભગવાનના ગુણાનુવાદ હમેશાં થતા જ રહે છે; આથી વિષયોની ચર્ચા થવા પામતી નથી. ભગવાનની પ્રેમકથા રાતદિવસ સાંભળતાં સાંભળતાં મુમુક્ષુની બુદ્ધિ નિર્મળ થઇને વાસુદેવાત્મક બને છે. સંતોનાં ઘર–બાર, અંદર–બહાર, કર્મમાં, વાણીમાં તેમ જ મનમાં ભગવદ્‌ભક્તિ સિવાય બીજું કંઇ પણ મળી શકતું નથી. સંતોનાં કર્મ, જ્ઞાન તેમ જ ભક્તિ હરિમય જ હોય છે. શાંતિ, ક્ષમા, દયા વગેરે દૈવી ગુણો સંતોના આંગણામાં આળોટયા કરતા હોય છે. ત્યાં રહેવાથી પણ મુમુક્ષુઓનો ઉદ્ધાર

થાય છે. સંતસેવા–ગુરુસેવા મુક્તિનું દ્વાર હોવાથી આત્મકલ્યાણની ઇચ્છા કરનાર તેનો જ આશ્રય ગ્રહણ કરે છે.

આ અનુભવસિદ્ધ તત્ત્વ અનુસાર જનાર્દન સ્વામીના ચરણો પાસે રહેવાથી એકનાથ મહારાજને સહેજે જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું. આ બ્રહ્મજ્ઞાન તેમને ઘર–આંગણાની રમત જેવું થઇ ગયું. તેમણે પોતે જ કહ્યું છે કેઃ–'પોતાની મુક્તિની ઉપેક્ષા કરીને એકનાથે જનાર્દનની ભક્તિ કરી. તેમના જ પ્રસાદથી ભગવાનને મળવું એ તેમને માટે રમત વાત જેવું બની ગયું. તેઓ ભગવત્પ્રાપ્તિનો કોઇ પણ યત્ન કરતા નહોતા, છતાં પણ ભગવાન પોતે તેમના ઘરમાં પ્રવેશ કરીને મુકામ લગાવતા હતા. આ ગુરુભક્તિનો જ મહિમા છે કે ભગવાન સર્વાંગથી પોતાની મહત્તાને ભૂલીને અહીં રમી રહ્યા છે.'

એકનાથ મહારાજ કહે છે કે, ભગવાન મારી ભક્તિ ઉપર એટલા બધા મોહિત થઇ ગયા કે મારા અંતઃકરણમાં પ્રવેશીને રાત–દિવસ રમકડું બનીને રહે છે. આગળ તેમણે કહ્યું કેઃ–'ગુરુસેવાથી ભક્તિનો ભંડાર મારે માટે ખુલી ગયો અને હવે કલિયુગનું રાજ્ય મારા ઉપર ચાલી શકતું નથી.' 'જ્યાં સદ્‌ગુરુકૃપા હાથમાં આવી જાય છે, ત્યાં ભક્તિનો ભંડાર ઉઘડી જાય છે. ત્યારે કળિકાળ જોતાં જ નાસવા લાગે છે. પછી ભવ–ભય ક્યાં રહ્યો?

એકનાથ મહારાજના ગુરુપ્રસાદના બે અભંગોનો ભાવાર્થઃ–

(૧)

'સદ્‌ગુરુ મારા આનંદના સાગર છે, તેઓ મારા ત્રણે લોકના આધાર છે. સદ્‌ગુરુ સ્વામી સ્વયંપ્રકાશ છે, તેમની આગળ



સૂર્ય–ચંદ્ર ફીક્કા પડી જાય છે. સદ્‌ગુરુ આગળ વેદ મૌન થઇ ગયા, શાસ્ત્ર ગાંડા બની ગયાં અને વાણી પણ બંધ થઇ ગઇ. જેના ઉપર સદ્‌ગુરુની કૃપાદૃષ્ટિ પડે છે, તેની દૃષ્ટિમાં સમસ્ત સૃષ્ટિ શ્રીરંગમય બની જાય છે. મારા ગુરુ, મારા સ્વામી, મારા પ્રભુરાય જ મને ભક્તિભાવ આપે છે, ભૂમિને શુદ્ધ કરીને તેમાં જ્ઞાન બીજ વાવે છે કે જેનાથી તે અદ્વૈત ઉત્પન્ન થાય છે; જેમાં હું–તું કે મારા–તારાનો કોઇ ભેદ નથી. ધન્ય છે ગુરુમહારાજ કે જેમણે બ્રહ્મના દર્શન કરાવ્યાં, અખંડ નામસ્મરણ કરાવી દીધું. મારા ગુરુ મારે માટે તો મારી માતાજ છે. તેમની એ કૃપાની છાયાનું પણ વર્ણન હું શું કરું કે જેનાથી દાસનું મન ગુરુના ધ્યાનમાં લાગી ગયું, ગુરુના ચરણોમાં લીન થઇ ગયું. જનાર્દનમાં જ તે પરબ્રહ્મને જોઇ લીધા, તેથી જીભ ઉપર હમેશાં તેમનું જ નામ રહે છે.

(૨)

"સદ્‌ગુરુનાં ચરણોનો લાભ જેને મળી ગયો, તે સંસારથી મુક્ત થઇ ગયો. તેનું ચિત્ત બ્રહ્મના જ રંગમાં રંગાઇ ગયું. વિષય તેને માટે રહ્યા જ નહોતા. તેમના મનમાં દ્વૈતાદ્વૈતભાવ નથી, જગતમાં સર્વત્ર આત્મસ્થિતિનો જ ભાવ ઓતપ્રોત ભરેલો છે. સદ્‌ગુરુની એ કૃપા જ છે કે એમણે મારે માટે બ્રહ્માનંદ સુગમ કરી દીધો. એ જ સદ્‌ગુરુનું પૂજન આ મન હમેશાં કર્યા કરે છે, તેથી તેનું સમાધાન થાય છે. ત્યાં સમસ્ત કલ્પનાઓ લય પામી જાય છે, ઇન્દ્રિયો બિચારી ત્યાં શું કરી શકે? આંતરિક ઇન્દ્રિયો પણ કંઇ કરી શકતી નથી, ચારે શરીર નકામાં થઇ જાય છે. જ્યાં મન, ઇન્દ્રિય, પ્રાણ લીન થઇ ગયા; તે સુખનું વર્ણન કોઇ શું

કરે? ત્યાં તો વક્તા, વાચ્ય, તેમ જ વાચનની ત્રિપુટી જ ક્ષીણ થઇ જાય છે. હવે તો આ જગતના અંધકારનો અસ્ત થઇ ગયો, સમસ્ત સંસાર મૂળ સહિત પ્રકાશમય બની ગયો. સદ્‌ગુરુની કૃપાથી જીવ–શિવના ભેદ રહેતા જ નથી. જ્યાં કોટિ કોટિ આનંદ વસે છે, તે આનંદ અમે ભોગવી રહ્યા છીએ. હું તો બ્રહ્મસુખથી સંપન્ન થઇ ચૂક્યો, પરિપૂર્ણ બ્રહ્મને અનુભવી ચૂક્યો. સમસ્ત પ્રપંચ છોડીને જોવું જોઇએ કે, એ કેવી રીતે મિથ્યા છે, પરંતુ પાછળ સદ્‌ગુરુ તો રહેવા જ જોઇએ. જેને સદ્‌ગુરુનો સાથ મળ્યો, તેનું કળિયુગ કંઇ જ અહિત કરી શકતો નથી. એકનાથ જનાર્દન ગુરુનાં ચરણોમાં મસ્તક રાખીને સંપૂર્ણ બ્રહ્મ બની ગયા."

એકનાથ મહારાજના ચરિત્ર અને ગ્રંથમાં સૌથી વધારે મહત્ત્વની વાત તેમની અનુપમ ગુરુભક્તિ જ છે. જનાર્દન સ્વામીના શરીર છૂટયાના સમાચાર જ્યારે એકનાથ મહારાજને મળ્યા ત્યારે પૂર્ણ જ્ઞાની હોવાથી તેમની બ્રાહ્મી સ્થિતિનો ભંગ થયો નહિ. 'નાથ ભાગવત'માં તેમણે એક સ્થળે કહ્યું છે કે 'મરતો ગુરુ ને રડતો ચેલો, બંનેને શું જ્ઞાન જ થયું?' આ બંને એવા ગુરુ શિષ્ય નહોતા. ગુરુ મર્યા નહિ અને ચેલો રડતો પણ નહિ!

**આવતા અંકમાં**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં ભારત-યાત્રાનો બીજો હ. મો શ્રી જયંતીભાઇ પટેલનો આવતા અંકમાં મૂકવામાં આવશે અને 'શ્રી અશ્વિનીકુમારરૂપે પૂ. મા'નો લેખ પણ.



# મસૂરીના મહાત્મા શ્રી યોગેશ્વરજી

રતનલાલજી નંદવીલા હોટેલ

સને ૧૯૫૬ માં ઋષિકેશમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વર-જીને ધ્યાનાવસ્થામાં પરમાત્માની દિવ્ય શક્તિએ આદેશ આપ્યો. "આવતા વર્ષે તમારે મસૂરીમાં રહેવાનું છે."

"કેટલો સમય રહેવાનું છે."

જવાબ મળ્યો. "ત્રણ મહિના."

"ક્યાં રહેવાનું થશે?"

"નવભારત હોટેલમાં."

પ્રત્યુત્તર બહુ સ્પષ્ટ હતો.

પહેલાં જે આદેશ મળેલો તે અનુસાર એ જ હોટેલમાં ૧૯૫૬ પછી દર વર્ષે ત્રણ મહિના અમારો નિવાસ થતો રહ્યો. આ ક્રમ છ વર્ષ સુધી એકધારો ચાલતો રહ્યો.

મસૂરી નિવાસના છ વર્ષના અન્તમાં એટલે સને ૧૯૬૩ માં એક એવો અવસર ઉપસ્થિત થયો, જ્યારે મસૂરીની સત્સંગ પ્રેમી જનતા સમક્ષ મારે, પ્રવચન કરવાનું બન્યું. પ્રવચન કરવાનું આમ તો મને પસંદ ન હતું અને તેમાંય હિન્દીમાં પ્રવચન કરવાનો કોઇ મહાવરો ન હતો. પરંતુ મસૂરીની થિયોસોફિકલ સોસાયટીના પ્રેમપૂર્ણ આમંત્રણને વશ થઇ મારે "યોગ ઉપર પ્રવચન આપવાનું થયું. એ જ વર્ષે બીજું પ્રવચન ત્યાંની સુપ્રસિદ્ધ ચિત્રશાળાના મધ્યખંડમાં 'ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર'ના વિષય ઉપર

રાખવામાં આવ્યું. પ્રવચનની સમાપ્તિના અન્તે જ્યારે મેં ભગવાન શ્રીકૃષ્ણના નામની ધૂન બોલાવી તો વાતાવરણ રસમય બની ગયું અને ધૂનની પૂર્ણાહુતિ થતાં ભગવાન શ્રી કૃષ્ણના સ્વરૂપને પહેરાવેલી ફૂલની માળામાંથી એક સુગંધિત પુષ્પ મારા મસ્તક પર થઈને, ખોળામાં થઈ, વ્યાસપીઠ પર મારી સામે પડયું. મને એવું લાગ્યું કે ભગવાન શ્રી કૃષ્ણ તેઓના નામસંકીર્તનથી પ્રસન્ન થઈ મારા પર આશીર્વાદ વરસાવી રહ્યા હોય એવી પ્રતીતિ થઈ.

તે પછી બીજા જ દિવસે ગાંધી નિવાસ સોસાયટીના હોલમાં ગોઠવવામાં આવેલ પ્રવચનની પૂર્ણાહુતિ પ્રસંગે આવી જ ઘટના બની. ભગવાન કૃષ્ણના આ અદ્દભુત અને અમોઘ આશીર્વાદ માનીને મેં તે પુષ્પને સ્મૃતિરૂપે રાખી લીધું. સુગંધથી સભર જાણે પરમાત્મા પોતે જ આ પુષ્પ દ્વારા અનોખી કૃપા વરસાવી રહ્યા હોય એવું મને લાગ્યું. મારા જીવનની આ અવિસ્મરણીય ઘટના બની ગઈ. (પ્રકાશ પથના યાત્રીમાંથી)

આ બે ઘટનાઓનું રહસ્ય ગમે તે હો, પરંતુ તે પછીનો ઈતિહાસ ઘણો ઉજ્જ્વલ છે. મસૂરી વાસીઓનો પ્રેમ તથા આદરભાવ સમયની સાથે વધતાં ગયાં. ત્યાં તેમને અપાર અને અવર્ણનીય કીર્તિ પ્રાપ્ત થઈ. પરમાત્માની કૃપાથી તેમનો માર્ગ સરળ, સરસ અને સુખમય બન્યો.

### શ્રી ગાંધી નિવાસ સોસાયટી, મસૂરી

મહાત્મા ગાંધીની ઈચ્છાનુસાર મસૂરીમાં ગરીબોની સેવા માટે અને તેઓ મસૂરી આવે ત્યારે તેમના રહેઠાણના ઉદ્દેશ્યથી 'ગાંધી નિવાસ સોસાયટી' બની. મકાન તો ખરીદી લીધું, પરંતુ પૂ. ગાંધીજી પોતાની ઈચ્છા પૂર્ણ કરવા ફરી ક્યારેય મસૂરી ન આવી શક્યા. તેમની સ્મૃતિમાં ગાંધી નિવાસ સોસાયટી સાકાર થઈ. અહીં ૧૯૬૩ થી મહાત્મા યોગેશ્વરજીના નિયમિત પ્રવચનોનો પ્રારંભ થયો. વળી તેઓશ્રીની દોરવણી નીચે સમાજકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ. શરૂમાં પૂ. મહાત્માજી બીજે રહેતા હતા, માતાજી પણ હંમેશા તેમની સાથે રહેતાં હતાં અને પ્રવૃત્તિઓ સોસાયટીમાં ચાલતી. આ દરમ્યાન પ. પૂ. રામકૃષ્ણ પરમહંસ દેવના ભક્ત દિલ્હી નિવાસી શ્રી એચ. એસ. દાસે યોગેશ્વરજીના વ્યક્તિત્વ, વિચારો તથા કાર્યોથી પ્રભાવિત થઈને ભાવિક ભક્તોને કહ્યું, "પૂ. યોગેશ્વરજી દરવર્ષે રમા હોટલમાં પોતાનું ભાડું આપીને લોકસેવાનું કાર્ય કંઈપણ અપેક્ષા વગર કરે છે, જેનાથી જનતાને ઘણો લાભ થયો છે, અહીં હવે તેમને હોટલનું ભાડું ન આપવું પડે તેમ જ ગરમીની મોસમમાં પણ મસૂરી આવીને રહે તેવી સગવડતા તેમના માટે આપણે કરવી જોઈએ."



સહૃદયી ભાઈઓએ તેના માટે એક યોજના બનાવી. શ્રી ગાંધી નિવાસ સોસાયટીના હોલના ઉપરના ભાગનો જીર્ણોદ્ધાર કરવાનો પ્રસ્તાવ રજુ થયો અને સ્વયં દાસ સાહેબે આ કાર્ય માટે પૈસા ખર્ચ્યા. બીજા ભક્તોએ પણ યથાયોગ્ય સહયોગ આપ્યો. ૨૮ ઓગસ્ટ ૧૯૬૫ માં સોસાયટીની ગવર્નિંગ બોડીએ સર્વસંમતિથી પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. તે અનુસાર હોલની ઉપર બાથરૂમ અને રસોઈઘર બનાવીને ઉપરના રૂમોને સંપૂર્ણ નિવાસ સ્થાનમાં બદલી નાખ્યા.

પરિણામ સ્વરૂપ ૧૯૬૬ થી મહાત્માજી માતાજીની સાથે ગાંધી નિવાસ સોસાયટીના આ નિવાસ સ્થાનમાં પ્રતિવર્ષ ૫–૬ મહિના રહેતા અને દરરોજ સાંજે ૬ વાગે ઉત્તમ પ્રવચન થયાં

કરતાં, આ ક્રમ કોઈપણ બાધા વગર ૧૯૭૩ સુધી ચાલ્યો. આ આઠ વર્ષોમાં દેશ–વિદેશના અનેક સજ્જનો સાથે મહાત્માજીને પરિચય થયો. સત્સંગને લીધે લોકોનું ધ્યાન સોસાયટી તરફ આકર્ષાયું અને સોસાયટીના મકાનની પણ કાયાપલટ થઈ ગઈ. તેમનાં પ્રવચનોમાં એટલાં બધાં સત્સંગ–પ્રેમી ભાઈ–બહેન આવવા લાગ્યા કે હવે હોલ નાનો પડવા લાગ્યો. તેથી હોલનો અંદરથી વિસ્તાર કરવામાં આવ્યો. છતાંપણ બહાર અનેક લોકો શાન્તિથી મહાત્માજીના પ્રવચન સાંભળવા બેસી રહેતા.

મહાત્માજીના પ્રવચનો મુખ્યત્વે ગીતા, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, પાતંજલયોગદર્શન તથા નારદભક્તિસૂત્રના વિષયો પર આધારિત રહેતાં. શાસ્ત્રોના જટિલ વિષયોને તેઓ એટલા સરળ બનાવીને પ્રસ્તુત કરતા કે સાધારણ વ્યક્તિઓ તેમ જ બુદ્ધિજીવીઓ તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરતા. અનેક સંત મહાત્માઓ જેઓ મસૂરી પધારતા તેઓ પણ મહાત્માજીના પ્રવચનો ભક્તિભાવપૂર્વક સાંભળતા. ક્યારેક મહાત્માજી પોતે તેમને સાંભળવા માટે તેમને બોલવાનો અનુગ્રહ કરતા. પ્રવચનોના સત્સંગનો આ પુનિત પ્રવાહ અબાધિત રીતે દરવર્ષે ૪–૫ મહિના ચાલતો.

પૂ. મહાત્માજીએ સોસાયટી પાસેથી ક્યારેય પૈસાનો સ્વીકાર કર્યો નહિ. પુસ્તક લેખનનો તેમનો ક્રમ દરરોજ ૩ કલાક સવારે ૮ થી ૧૧ સુધી એકધારો ચાલતો. પુસ્તકોની રોયલ્ટીમાંથી એમનો ખર્ચ ચાલતો. સત્સંગ દરમ્યાન જે પણ ધન પ્રાપ્ત થતું તે મને આપી દેતા અને તે "વિદ્યાર્થી સહાયક સમિતિ"ના નામે બેંકમાં ખાતું ખોલાવી તેમાં આ ધન જમા થતું. જેનું સંચાલન શ્રીમતી રજનીબહેન અને હું કરતા.



મસૂરીની ૫ શાળાના ૬૦૦ થી વધુ નિર્ધન વિદ્યાર્થીઓના ભણતર માટે સહાય કરાતી. આ નિમિત્તે પૂ. મહાત્માજી ખુદ પોતાના સાધકોને બોલાવી નિર્ણય કરતા અને હું અને શાળાઓના આચાર્યો સાથે મળીને જુદી જુદી પાંચ શાળાઓમાં આ ફી ભરવામાં આવતી.

૧૯૬૯ થી ૧૯૭૬ સુધીના પ્રવચન દરમ્યાન લગભગ રૂા. ૪૦ હજારથી વધુ એકત્રિત કરીને ગરીબ બાળકો માટે ખર્ચ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગરીબ છતાં તેજસ્વી વિદ્યાર્થીને શ્રી યોગેશ્વરજી વ્યક્તિગત રીતે પણ મદદ કરતા.

મહાત્માજીની લોકોપયોગી પ્રવૃત્તિથી પ્રેરાઈ શ્રી ગાંધી નિવાસ સોસાયટીની કાર્યકારિણી અર્થાત્ સાધારણ સભાએ સર્વસમ્મતિથી પ્રસ્તાવ પસાર કરીને મહાત્માજીનું સોસાયટીના 'માર્ગદર્શક' બનાવીને સન્માન કર્યું. પ્રસ્તાવમાં એવું કહેવામાં આવ્યું કે, "સંત શ્રી યોગેશ્વરજી છેલ્લા કેટલાંક વર્ષોથી સોસાયટી માટે પ્રેરણારૂપ છે. તેમની ભક્તિ સમાજસેવાની પ્રવૃત્તિઓમાં સહાયક સાબિત થઈ છે. તેમનાં પ્રવચનો અને તેમની પ્રેરણાથી ગરીબ વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સહાયતા જેવા સામાજીક કાર્યથી લોકોમાં સોસાયટીની પ્રતિષ્ઠા વધી છે.

સર્વસમ્મતિથી સંત શ્રી યોગેશ્વરજીને અનુરોધ કરવામાં આવે છે કે તેઓશ્રી આજથી સોસાયટીના માર્ગદર્શક તરીકે અમારું માર્ગદર્શન કરે.

આ રીતે પૂ. મહાત્માજી ફક્ત મહાન વિચારક જ નહિ પરંતુ સુવિખ્યાત લેખક, પ્રખ્યાત પ્રવચનકર્તા, ઉપદેશક, સમાજ સુધારક,

ગરીબોના સહાયક, તથા દાર્શનિક સંતના રૂપમાં પ્રગટ થયા. તેમ જ તેમણે એક મુખ્ય રાજનીતિજ્ઞ ભવિષ્ય વક્તાનું સ્થાન પણ લીધું. ૯૭૬ની આસપાસ દેશનું ભવિષ્ય આપાતકાલિન અવસ્થામાં અંધકારમય બની ચૂક્યું હતું. મેં એક દિવસ સાંજની લટાર દરમ્યાન માતાજી જ્યોતિર્મયી તેમ જ શ્રી રૂપકિશોર કપૂર(ગુરુજી)-ની હાજરીમાં અનાયાસ જ પૂ. મહાત્માજીને પૂછ્યું, "આપણા આ ભારતદેશનું શું થશે?" "લોકતંત્ર ભયમાં છે? શું રાષ્ટ્રપતિ-શાસન લાગુ થશે?" તેઓ બોલ્યા, "ના, મારી મહાત્મા ગાંધી સાથે વાત થઇ ગઇ છે અને તેમણે કહ્યું છે કે લોકશાહી તુરંત જ સારી થશે. તેમણે મોરારજી દેસાઇ, અટલબિહારી બાજપાઇ, ચૌધરી ચરણસિંહ તેમ જ જનસંઘના કેટલાય નેતાઓના નામ કહ્યાં છે અને કહ્યું છે કે આ લોકો દેશનું નેતૃત્વ લેશે." મને ઘણું આશ્ચર્ય થયું. ત્યારપછી ઓક્ટોબર ૧૯૮૦ માં મહાત્માજી, મા સર્વેશ્વરી તથા અન્ય ગુજરાતી ભક્તોની સાથે માતાજીના અસ્થિ-વિસર્જન માટે હરિદ્વાર–ઋષિકેશથી મસૂરી આવ્યા હતા. સંયોગ-વશાત્ તે બધા મારે ત્યાં ઉતર્યા હતા. આગલે દિવસે સાંજના ભ્રમણ દરમ્યાન તેમણે કહ્યું, "હવે મોરારજી દેસાઇનું કાર્ય પૂર્ણ થઇ ગયું છે હવે તેઓ વડાપ્રધાન નહીં રહે, અમને બધાને ઘણું આશ્ચર્ય થયું, કેમકે ત્યારે એવી કોઇ જ સંભાવના દેખાતી ન હતી. પરંતુ કેટલોક વખત પછી તેવું જ થયું, જનતાપાર્ટીમાં ભંગાણ પડયું અને ચરણસિંહ પછી પાછું કોંગ્રેસ રાજ્ય આવ્યું, ફરીથી નિરાશાનું વાતાવરણ બની ગયું. એ વખતે અટલબિહારી બાજપાઇ વિદેશપ્રધાનપદેથી દૂર કરાયા હતા અને તેઓ મસૂરી આવ્યા હતા.



અમે તેમને આગ્રહપૂર્વક એક દિવસ પૂ. મહાત્મા યોગેશ્વર-જીને મળવાનું આમંત્રણ આપ્યું તેઓએ કહ્યું, "હું કોઇ મહાત્મા, બહાત્માને નથી મળતો." અમે કહ્યું, "તેઓ ભગવાંવસ્ત્રધારી કે સાધારણ મહાત્મા નથી. આપ જરૂરથી આવજો."

અમારું આમંત્રણ તેમણે સ્વીકાર્યુ કેમકે તેઓએ નન્દ-વિલામાં મારે ત્યાં ભોજન લેવા માટે આવવાની સ્વીકૃતિ આપી હતી. ભોજન લેતા પહેલાં અમે શ્રી અટલબિહારી બાજપાઇને શ્રી ગાંધી નિવાસ સોસાયટી લઇ ગયા. પૂ. મહાત્માજીને તેમના આવવાની સૂચના પહેલેથી આપી દીધી હતી. એટલે તેઓ મા સર્વેશ્વરીની સાથે પ્રતીક્ષા કરી રહ્યા હતા. થોડો વખત શાંતિપૂર્વક અટલબિહારીજી સાથે તેમનો વાર્તાલાપ ચાલ્યો તે દરમ્યાન મેં મહાત્માજીને પૂછ્યું, "જનતા પાર્ટી ફરી સત્તા પર આવશે?" (શાયદ ભારતીય જનતા પાર્ટી તે પહેલા બની ચૂકી હતી) તેમણે કહ્યું, "હજુ ૧૦ વર્ષનો સમય લાગશે પછી તેવું થશે. દક્ષિણ, બંગાળ, બિહાર, ઓરીસ્સા અને પંજાબ, કાશ્મીરમાં તેનો વધુ પ્રભાવ નહીં હોય." આવા હતા મહાત્માજી. આજે ડગલે ને પગલે તેમની યાદ આવે છે.

(મૂળ હિંદી લખાણમાંથી ગુજરાતીમાં અનુવાદ
– પ્રતિમા અજય જાની)

રગ્બીના સાધક ભાઈ-બહેનો તરફથી

## ગુરુપૂર્ણિમા નિમિત્તે અધ્યાત્મને ભેટ

ઇંગ્લેન્ડના રગ્બી શહેરમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં ગુરુભાવ ને ભક્તિભાવ ધરાવતાં ભાઈબહેનો વસે છે. તેઓ દર વર્ષે ગુરુપૂર્ણિમાનો મહોત્સવ પણ કરે છે. તે પ્રસંગે જે રકમ પૂ. શ્રીના ચરણે ધરવામાં આવી તે અધ્યાત્મને ભેટ મોકલવામાં આવી છે; તેની વિગત નીચે પ્રમાણે છેઃ–(અંદાજે ભારતીય રૂપિયામાં)

૨૯૬૧ શ્રી અંબાલાલભાઈ તથા તેમનાં ધર્મપત્ની શ્રી મણિબેન મિસ્ત્રી તરફથી.
૫૧૧ શ્રી મોરારભાઈ મિસ્ત્રી, રગ્બી.
૫૧૧ શ્રી ગણપતભાઈ મિસ્ત્રી, રગ્બી.
૫૧૧ શ્રી ઠાકોરભાઈ ભક્ત, રગ્બી.
૪૫૧ શ્રી રતિભાઈ મિસ્ત્રી, રગ્બી.
૪૫૧ શ્રી દુર્લભભાઈ સુથાર સ્લાઉ, લંડન.
૪૫૧ શ્રી કેશવભાઈ ટેલર, રગ્બી.
૨૩૦ ગં. સ્વ. મણિબેન ખુશાલભાઈ મિસ્ત્રી, રગ્બી.

આ ઉપરાંત શ્રી ગણપતભાઈ કે મિસ્ત્રી તરફથી મનોકામના પૂર્ણ થતાં દાનમાં રૂા. ૮૩૫ તેમ જ ગં. સ્વ. મણિબેન તરફથી તેઓના પતિ સ્વ. શ્રી ખુશાલભાઈની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે રૂા. ૨૩૦ મળ્યા છે.

આ સહુના અમે આભારી છીએ. તંત્રી



# શ્રી શ્રી મા શારદા

લે. : સ્વામી ગંભીરાનંદજી
રજુઆત : ઝિઝુવાડિયા કનૈયાલાલ

શ્રી રામકૃષ્ણદેવના તિરોધાનથી પોતાની અસહાય અવસ્થાની કલ્પના કરી મા શારદા ઘણાં જ વ્યાકુળ થઈ ગયાં હતાં. પાછળથી શ્રી રામકૃષ્ણની ચિન્મય મૂર્તિનાં સાક્ષાત્ દર્શન મળ્યાં ને છોકરાઓના 'મા' 'મા' ના સંબોધનથી આશ્વાસન મળ્યું, તોપણ વિરહની દુઃસહ વેદના એઓ સહેલાઈથી ભૂલી નહોતાં શકતાં. પ્રત્યેક પળે, પ્રત્યેક કામમાં ને વિચારમાં માતાજીને યાદ આવતું કે ઠાકુર હવે પ્રકટ રૂપમાં નથી. તેથી તેમનો શોક હળવો કરવા ભક્તોએ માતાજીને તીર્થયાત્રાએ મોકલવાનો નિર્ણય કર્યો. શ્રી રામકૃષ્ણની સ્મૃતિ સાથે સંકળાયેલાં સ્થાનોથી દૂર જઈને થોડા દિવસ રહેવાથી માતાજીનો શોક કાંઈક શાંત થશે એમ તેઓને લાગ્યું. તે મુજબ બલરામબાબુને ઘેર આઠ દિવસ રહ્યાં. બાદ માતાજી શ્રી વૃંદાવન જવા રવાના થયાં. ગુલાબમા, લક્ષ્મીદેવી, મહેન્દ્રગુમાનાં પત્નિ, યોગાનંદજી (યોગીન) અભેદાનંદજી (કાલી) ને અદ્‌ભુતાનંદજી (લાટુ) પણ સાથે ગયા.

પ્રથમ દેવઘર ઊતરી વૈદ્યનાથજીનાં દર્શન કરીને કાશી ગયાં. ત્યાં આઠ દિવસ રહી પ્રાણ ભરીને વિશ્વનાથ, અન્નપૂર્ણા અને બીજા સિદ્ધ દેવદેવીઓનાં દર્શન કર્યાં. વેણીમાધવની ધજા પર ચઢીને વિશ્વનાથ ભગવાનની આ સુવર્ણપુરીને જોઈ. એક દિવસ વિશ્વનાથની સાંજની આરતી જોઈને એમને ખૂબ જ ભાવાવેશ

થયો. ઉતારે પાછા ફરતી વખતે માતાજી ખૂબ જોરથી ચાલતાં હતાં. પાછળથી કારણ પૂછતાં તેમણે કહ્યું. "ઠાકુર હાથ પકડીને મને મંદિરેથી લઈ આવ્યા હતા." કાશીથી બધાં અયોધ્યા આવ્યાં ને ત્યાં એક દિવસ રહી શ્રી રામચંદ્રની લીલાભૂમિનાં દર્શન કરી વૃંદાવન પ્રયાણ કર્યું.

વૃંદાવન જતાં માતાજીએ અકલ્પ્ય રીતે ઠાકુરનાં દર્શન કર્યાં. માતાજીના હાથ પર ઠાકુરનું સોનાનું માદળિયું બાંધેલ હતું. ટ્રેઈનમાં સૂતી વખતે તે હાથ બારી તરફ હતો. બારીમાંથી ડોકિયું કરી ઠાકુરે કહ્યું, "માદળિયું તમારી સાથે ને સાથે છે. જુઓ, ખોવાઈ ન જાય." માતાજી તરત જ ઊંઘમાંથી ઊઠી ગયાં અને સાથે રાખેલ ટીનની પેટીમાં એમની નિત્ય પૂજાની છબી હતી તેમાં માદળિયું મૂકી દીધું. તે પછી કોઈ દિવસ એમણે એ પહેર્યું ન હતું, પણ એની નિત્યપૂજા કરતાં. વૃંદાવન પહોંચી યમુનાકિનારે આવેલ બલરામ બોઝના 'કાલાબાબુકા કુંજ'નામના દેવાલયના મકાનમાં તેઓ ઊતર્યાં.

ત્યારે સપ્ટેમ્બર મહિનાનું પહેલું પખવાડિયું પૂરું થવા આવેલ. ચોમાસા પછી વૃંદાવનની વનરાજી ખૂબ સુંદર લાગતી હતી. લીલાંછમ વૃક્ષો, ઘાસથી છવાયેલી હરિયાળી ધરતી, ફૂલોથી સુગંધીત પવન, મયૂરના કેકારવ, આસપાસ ચરતાં નિર્દોષ નિર્ભય હરિણો, ગોધનના વિવિધ અવાજો, ગોવાળોની વાંસળીના સૂર, બંને કિનારે ભરપૂર વહેતી યમુનાનો કલરવ વૃંદાવનની એ જ જૂની શોભા હતી. એ જ નિકુંજવન, રાધિકાનાં પ્રેમાશ્રુથી ભિંજાયેલી રજ, કૃષ્ણને વ્યાકુળતાથી શોધતી વ્રજગોપીઓનાં નયનકટાક્ષથી પવિત્ર બનેલ વ્રજભૂમિ. બધુંય જેમનું તેમ છે. બધે



જ વ્રજરાજ શ્રીકૃષ્ણની સ્મૃતિ સાથે સંકળાયેલ સ્થળો આજેય પ્રગટ રહીને તેમનાં દર્શન કરવાની અભિલાષા ભક્તોના અંતરમાં જગાડે છે. પણ તે પોતે ક્યાં?

વૃંદાવન આવી વિરહથી વ્યાકુળ બનેલાં માતાજીના મનમાં હાહાકાર વ્યાપી ગયો! અહીં આવતાં પહેલાં ત્રણ વાર એમણે ઠાકુરનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં હતાં, પણ અંતર જેમને હંમેશાં ચાહી રહ્યું છે, જેમના ચરણોમાં પોતાના મન અને પ્રાણ ગૂંથાઈ રહ્યા છે, તેમના પ્રત્યક્ષ નિરંતર દર્શનના અભાવના દુઃખની મર્મવ્યથાથી પીડાતા મનમાં હંમેશાં પ્રશ્ન ઊઠ્યા કરતો. "તેઓ ક્યાં?" વૃંદાવનમાં આવ્યા બાદ માતાજીની આંખમાંથી અવિરત અશ્રુધારા વહ્યા કરતી. સાથે સાથે યોગિનમાની સ્થિતિ પણ એવી જ હતી. યોગિનમા શ્રી રામકૃષ્ણના દેહાંત પહેલાં જ વૃંદાવન આવ્યાં હતાં. હવે માતાજી એમને મળતાં જ 'ઓ યોગેન' કહી એમને ભેટીને રડવા લાગ્યાં. માતાજીને રડતાં જોઈ અને બીજાઓની પાસે બધી વાત સાંભળીને યોગિનમા પણ રડવા લાગ્યાં. બન્ને જણ આખો વખત રડતાં રહેતાં. છેવટે શ્રી રામકૃષ્ણદેવે એક રાત્રે એમને દર્શન દઈ કહ્યું "અરે! તમે બંને શા માટે આટલું બધું રડો છો? હું તો અહીં જ છું. ક્યાં ગયો છું? ફક્ત આ ઓરડામાંથી પેલા ઓરડામાં ગયો છું."

ત્યારબાદ માતાજીનો શોકસાગર કંઈક શમ્યો. પણ ત્યારથી વિરહનો વેગ બીજે રસ્તે પ્રવાહિત થવા માંડ્યો. શ્રીમદ્‌ભાગવતમાં 'ગોપીગીતા'માં કહ્યું છે કે શ્રીકૃષ્ણ જ્યારે રાસભૂમિ પરથી અચાનક અંતર્ધાન થઈ ગયા, ત્યારે ગોપીઓ વ્યાકુળ થઈ એમને શોધવા લાગી; પરંતુ એમને મળવાનો મનોરથ નિષ્ફળ જવાથી,

વિરહની તીવ્રતાને પરિણામે એમનામાં એટલાં તન્મય થઇ ગયાં કે પોતાને શ્રીકૃષ્ણ સમજીને એમની લીલાનું અનુકરણ કરવા લાગ્યાં !

આ વખતે માતાજી એમના દેહ ને મનમાં એવી જ તન્મયતા અનુભવી. કોઇક વાર કોઇને પણ જણાવ્યા વગર એકલાં યમુનાના પ્રવાહની પાસે આવી ઊભાં રહેતાં. મોડેથી તેમનાં સંગાથીઓ તેમને શોધી લઇ આવતાં. તે વખતે કોણ જાણે પોતાને રાધિકા માની ને શ્રી રામકૃષ્ણને કૃષ્ણ માની કૃષ્ણની શોધમાં વૃંદાવનની લીલામાં શું મગ્ન થઇ જતાં હશે? એક વાર એક ભક્તના પ્રશ્નના જવાબમાં તેઓ બોલ્યાં હતાં કે, "હું જ રાધા છું." કોઇ વાર વળી શ્રી રામકૃષ્ણનું ચિંતન કરતાં કરતાં તેઓ તન્મય થઇ જતાં.

એક વાર "કાલાબાબુકાકુંજ"માં ધ્યાન કરતાં એટલી ઊંડી સમાધિમાં ઊતરી ગયાં હતાં કે સમાધિ તૂટે જ નહીં. યોગીનમાએ ઘણા સમય સુધી ભગવાનનું નામ એમના કાનમાં રટયાં કર્યું તોપણ સમાધિ ઉતરવાનું કાંઇ ચિહ્ન જોવામાં ન આવ્યું. ત્યાર પછી યોગિન મહારાજે (સ્વામી યોગાનંદે) આવી ભગવાનના નામનો જપ કર્યાથી ભાવ જરા શાંત થયો ને શ્રી રામકૃષ્ણ સમાધિ ઊતરતાં જેમ બોલતા હતા તેમ બોલ્યાં. "ખાવું છે." એમની સામે થોડું ખાવાનું ને પાણી રાખવામાં આવ્યાં ત્યારે શ્રી રામકૃષ્ણની માફક જ એમણે જરાક ખાધું. એટલે સુધી કે શ્રી રામકૃષ્ણ જેમ પાનનો અણિયાળો ભાગ દાંતથી કરડીને ફેંકી દઇ પાન ખાતા તેમ જ એમણે પાન ખાધું. તે વખતે યોગિન મહારાજે કેટલાક પ્રશ્નો કર્યાં ત્યારે એમણે શ્રી રામકૃષ્ણની માફક જ જવાબો



આપ્યા. એ સમયે એમના હાવભાવ તદ્દન શ્રી રામકૃષ્ણ જેવા જ થઇ ગયા હતા. એમનું મન સાધારણ ભૂમિકા પર આવતાં એમણે કહ્યું કે "એમનામાં શ્રી રામકૃષ્ણનો આવિર્ભાવ થયો હતો."

માતાજીનું હૃદય તે વખતે શ્રી રામકૃષ્ણમાં કેન્દ્રિત હોવાથી તીવ્ર વૈરાગ્યને લીધે વ્યાવહારિક જીવન તરફ તેઓ ઉદાસીન બની ગયાં હતાં. એમનું વર્તન સરળ બાલિકા જેવું બની ગયું હતું. એક દિવસ એક મૃતદેહને પુષ્પમાળાથી શણગારીને કીર્તન કરતાં લોકો સ્મશઆન તરફ જતાં જોઇ માતાજી બોલી ઊઠયાં. "જુઓ, જુઓ, આ માણસ વૃંદાવનને પામ્યો છે. આપણે પણ અહીં મરવા માટે આવ્યાં છીએ, પણ એકે દિવસ જરાક જેવો તાવ પણ ન આવ્યો. કેટલી ઉમર થઇ ગઇ! આપણે તો બાપને જોયા ને જેઠને પણ જોયા." આ સાંભળી યોગીનમા વગેરે હસી પડયાં ને બોલ્યાં. "બાપને જોયા છે એમ વળી શું બોલો છો? બાપને તે કોણ ન જુએ?"

માતાજી વૃંદાવનમાં લગભગ એક વર્ષ રહ્યાં. દરમ્યાન મહેન્દ્રનાથ ગુપ્તનાં પત્નિને મલેરિયા થવાથી એક મહિનામાં જ સ્વામી અભેદાનંદ (કાલી મહારાજ) સાથે એ પાછાં ફર્યાં. વળી રામચંદ્ર દત્તના કુટુંબમાં કંઇ વિપત્તિ આવી પડી તે સાંભળીને સ્વામી અદ્‌ભુતાનંદ (લાટુ) મહારાજ પણ પાંચ–છ મહિના પછી કલકત્તા ચાલ્યા ગયા. તીર્થક્ષેત્રમાં લાંબા વસવાટ પછી માતાજીનું મન ઘણે ભાગે પહેલા જેવું થઇ ગયું હતું. પ્રથમ જેમ તેઓ વિરહવેદનાથી દુઃખી થયાં હતાં તેમ પાછળથી ઠાકુર તેમને આનંદથી ભરપૂર કરી રાખતા હતા. દરરોજ તેઓ જુદાં જુદાં મંદિરોમાં ફરી દર્શન કરતાં ને ત્યાં બેસી થોડો વખત ધ્યાન–જપ

વગેરે કરતાં. ચોક્કસ તે વખતે એમને ઘણાંય અતીન્દ્રિય દર્શનો થયાં હશે, પણ તે વિષે એમણે કાંઇ કહ્યું નથી. એક દિવસ રાધા રમણના મંદિરેથી ઘેર આવી એમણે યોગિનમાને કહ્યું, "યોગેન, નવગોપાલની સ્રી બહુ પવિત્ર છે. રાધારમણના મંદિરમાં મેં જોયું કે મૂર્તિની પાસે ઊભાં રહી નવગોપાલની પત્ની પંખો નાખી રહ્યાં હતાં.

આ દરમિયાન મા શારદાએ વૃંદાવનની પરિક્રમા કરી હતી. એ પૂરી કરતાં એમને એક પખવાડિયું લાગ્યું હતું. તે વખતે તેઓ ખૂબ તન્મય થઇને વ્રજભૂમિનાં દર્શન કરતાં હતાં. ક્યાંક વળી ઊભાં રહી જતાં. પૂછવામાં આવતું ત્યારે કહેતાં. "ના, ચાલો." એમના સંગાથીઓ સ્પષ્ટ સમજતાં કે માતાજી ભાવના આવેશમાં જ ચાલે છે ને એમને અલૌકિક દર્શન વગેરે થાય છે તેથી તેઓને જાણવાની બહુ ઇચ્છા થતી પણ માતાજી ફક્ત એક જ વાત કહેતાં "ના ચાલો."

શ્રી રામકૃષ્ણે માતાજી પાસે તેમનું એક અધૂરું કાર્ય અહીં પૂરું કરાવ્યું હતું. તેથી માતાજીના જીવનમાં એક નવું પ્રકરણ શરૂ થયું. એક દિવસ માતાજીને દર્શન દઇને ઠાકુરે કહ્યું. "તમે યોગેનને (સ્વામી યોગાનંદને) આ મંત્ર આપો." પહેલે દિવસે પોતાના મનનો જ ખ્યાલ છે, એમ સમજી માતાજીએ કંઇ કર્યું નહીં. એમને એમ પણ સંકોચ થતો કે લોકો કહેશે કે આટલા થોડા દિવસમાં તો માતાજીએ શિષ્યો પણ કરવા માંડયા. બીજે દિવસે પાછો એ આદેશ મળ્યો, પણ એમણે ગણકાર્યું નહીં. ત્રીજે દિવસે એમણે ઠાકુરને કહ્યું "હું એની સાથે વાત સુદ્ધાં કરતી નથી, તો મંત્ર કેવી રીતે આપું?" ઠાકુરે સલાહ આપી કે "તમે



યોગિનમાને કહેજો. એ ત્યાં હાજર રહેશે." કયો મંત્ર આપવો એ પણ કહી દીધું.

આ પ્રસંગ પછી યોગિનમા દ્વારા યોગેન મહારાજને પુછાવતાં માને જાણવામાં આવ્યું કે ઠાકુરે તેમને કોઇ ખાસ ઇષ્ટમંત્ર નથી આપ્યો. તેઓ તેમની ઇચ્છા પ્રમાણે એકક મંત્રનો જપ કરે છે. એટલું જ નહિ પરંતુ એમણે એ પણ જણાવ્યું કે ઠાકુર પાસેથી એમને પણ માતાજી પાસે દીક્ષા લેવાનો આદેશ મળ્યો, પણ શરમના માર્યા એ કાંઇ બોલી શકતા નથી. આખરે માતાજીએ મંત્ર આપવાની હા પાડી. તે દિવસે શ્રી રામકૃષ્ણની છબી ને એમના દેહાવશેષના પાત્ર સામે બેસી પૂજા કરતી વખતે માતાજીને ભાવાવેશ થયો, ત્યારે એમણે યોગિન મહારાજને ત્યાં આવી બેસવાનું કહ્યું ને ભાવાવેશમાં જ મંત્રદીક્ષા આપી. તેઓ એટલા જોરથી મંત્ર બોલ્યાં હતાં કે પાસેના ઓરડામાં બેઠેલાં યોગિનમાએ પણ સાંભળ્યો હતો. આમ યોગિન મહારાજ માતાજીના સૌથી પ્રથમ મંત્રશિષ્ય થયાં.

(ક્રમશઃ)

## અસ્તિત્વ

એક દુનિયા આંખની આગળ હતી,
એક દુનિયા આંખની પાછળ હતી.
હું વિચારું છું યુગોથી એ જ કે
બેઉની વચ્ચે કશી સાંકળ હતી?

— શિલ્પીન થાનકી

# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'ધન્યવાદ મને નથી ઘટતો પરંતુ તને ઘટે છે, ઊર્મિલા! તેં જો પહેલેથી જ મારી પ્રત્યે મક્કમ વલણ રાખવાને બદલે મારી હીન વૃત્તિઓને થાબડવાનું કે સંતોષવાનું ચાલુ રાખ્યું હોત તો મારો ઉદ્ધાર કદી પણ ના થઇ શકત. એટલે મારા આ સુખદ જીવન પરિવર્તનનું સઘળું શ્રેય તને જ ઘટે છે. તું સાચા અર્થમાં તપસ્વિની છે. રાજમહેલમાં રહીને, વિષમ વાતાવરણની વચ્ચે વસીને પણ તું તપ કરી રહી છે. અને જીવનને ઉત્તરોત્તર પવિત્ર કરનારા તારા તપમાં સફળ થઇ છે. લક્ષ્મણના ચરણે તેં કોઇ પણ પ્રકારની કીર્તિની કામના વિના શાંતભાવે સર્વ સમર્પણ કર્યું છે. લક્ષ્મણ પોતે એથી બડભાગી છે. તારા જેવી બેન મળવા બદલ હું પણ મને બડભાગી માનીશ. જીવનમાં મને પત્ની તો મળી છે પરંતુ કોઇ બેન નહોતી મળી તે હવે મળી ગઇ. મને આશા છે કે તું મારા જેવા અવગુણ સાગરને તારા ભાઇ તરીકે સ્વીકારી લઇશ અને મારી બેન થઇશ.'

નિષ્કામ વધારે ના બોલી શક્યો. એનું હૈયું ભરાઇ આવ્યું. ઊર્મિલા પણ ગદ્‌ગદ બની ગઇ. એની આંખ ભીની થઇ. થોડીવાર પછી બોલી. 'જે થઇ ગયું તે થઇ ગયું. એને યાદ કરીને નાહક દુઃખી ના બનતો. તારું હૃદય નિર્મળ બનવાથી તું સાચા અર્થમાં નિષ્કામ બની ગયો. એ નિષ્કામ વૃત્તિ કાયમ માટે જાળવી રાખજે. બાકી હું તો તારી બેન જ છું. મેં તને શરૂઆતથી જ ભાઇ તરીકે માન્યો છે. એ હકીકત કહી બતાવવાની ના હોય. તું મારો ભાઇ થઇને રહીશ તો તને લાભ જ થશે. બાકી મેં કોઇ મોટું તપ નથી કરી નાખ્યું કે હું તપસ્વિની કહેવડાવવાને લાયક હોઉં. મેં તો કર્તવ્ય જ બજાવ્યું છે. એથી વિશેષ બીજું કશું જ નથી.'



નિષ્કામે કહ્યું, 'મારી એક ઇચ્છા છે કે તું મારી બેન તરીકે મારે માથે હાથ મૂકીને મને આશિષ આપ. તારા એ અનુગ્રહને માટે હું લાયક તો નથી છતાં પણ મારી એવી ભાવના છે. એની સંતૃપ્તિથી મને શાંતિ વળશે.' નિષ્કામે બે હાથ જોડીને પોતાનું મસ્તક આગળ ધર્યું એટલે ઊર્મિલાએ કહ્યું, 'અંતરની આશિષ તો છે જ પછી હાથ મૂકવાથી કાંઇ વધારે છે?'

'મારે માટે એની કીંમત ઘણી વધારે છે. તારા આશીર્વાદાત્મક પવિત્ર કરસ્પર્શથી હું થોડોક વધારે પવિત્ર બનીશ. મારા અંતરમાં એવી ઊર્મિ ઊઠી છે, ઊર્મિલા! તું મને નિરાશ ના કર. હું કોઇ બીજા અમંગલ પદાર્થની કામના નથી કરતો, અથવા કોઇ અશુભ ઇચ્છા નથી રાખતો. તારા શુભાશીર્વાદની જ પ્રાર્થના કરું છું. મારા ભૂતકાળના વર્તન માટે મને સાચા દિલથી માફ કરીને મારી બેન તરીકે તારા પવિત્ર હસ્તને મારા મસ્તક પર મૂકી દે.'

નિષ્કામની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં. ઊર્મિલાનું અંતર એથી દ્રવી ગયું, અને એણે નિષ્કામના મસ્તક પર હાથ મૂક્યો. નિષ્કામને શાંતિ મળી. એ બોલ્યો. 'આજે મને જાણે કે સ્વર્ગ સુખ મળી ગયું. આ કરસ્પર્શ અને આશીર્વાદને હું હમેશાં યાદ રાખીશ. એ મારા જીવનનું પ્રેરક બળ બની રહેશે ને મને જીવન દેશે. આજે મારું પરિવર્તન પુરું થયું ને ધન્ય બન્યું.'

ઊર્મિલાએ થોડીવાર શાંત રહીને પૂછ્યું. 'તારા આવા જીવન પરિવર્તનનો વિચાર તને એકાએક કેવી રીતે આવ્યો તે કહી શકીશ?' નિષ્કામે ઉત્તર આપ્યો. 'ઈશ્વર કૃપાથી. એની કૃપા વિના કશું થઇ શકે છે ખરું? અનુભવી મહાપુરુષોના મુખથી સાંભળ્યું છે કે એની ઇચ્છા અથવા કૃપા વિના એક પાંદડું પણ નથી હાલી શકતું.' 'એની કૃપા તારા જીવનમાં કેવી રીતે થઇ?' 'કેમ ના થાય?' 'થાય, પરંતુ મારે એનો થોડો ઘણો ઇતિહાસ જાણવો છે.' 'મારા જીવનમાં એક બનાવ બન્યો.' 'કયો બનાવ?' નિષ્કામ વિચાર મગ્ન બનીને બોલ્યો. 'લગ્ન પહેલાં મને માતંગી પર પ્રેમ

થયેલો. એ પ્રેમ સાધારણ હતો. તો પણ દિવસે દિવસે વધતો ગયો. આખરે અમારું લગ્ન થયું.

પરંતુ અમારા લગ્ન પછી મને ખબર પડી કે માતંગી પર પહેલેથી જ કોઇ બીજા યુવકને પ્રેમ હતો. એ માતંગીને પોતાના પ્રભાવમાં લઇને એની સાથેનો પોતાનો સંબંધ ટકાવી રાખવા માગતો'તો. માતંગી નિર્દોષ હતી, પરંતુ એ યુવક એને દોષિત કરવાની ઇચ્છા રાખતો.' 'પછી? પછી શું થયું?' 'મને એની માહિતી મળી એટલે મેં એને ધમકાવ્યો તથા માતંગીને મળતો અટકાવ્યો. મારાથી બીજું કરી શકાય પણ શું? પરંતુ એની પ્રતિક્રિયા ધાર્યા કરતાં ઘણી જુદી ને ખરાબ થઇ. માતંગીએ એને કશું ના કહ્યું?'

'માતંગીને પણ એનો સંબંધ નહોતો ગમતો એટલે મારા વર્તનથી ઉત્સાહિત થઇને એણે એને મીઠો ઠપકો આપ્યો અને પોતાની આશા ના રાખવા કહ્યું. એથી એના હૃદયને ધક્કો લાગ્યો કે ગમે તે થયું પરંતુ એણે આપઘાત કર્યો.' 'આપઘાત?' 'હા એ યુવકે આપઘાત કર્યો. બીજી રીતે એ યુવક ઘણો સારો હતો. પરંતુ એના મનમાં માતંગીનો મોહ કોણ જાણે ક્યાંથી થયો.

એણે તો આપઘાત કર્યો પણ એનો આકસ્મિક આપઘાત મારે માટે વજ્રપાત જેવો થઇ પડયો. એણે મને ભારે વિચાર કરતો કરી મૂક્યો. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ મને પશ્ચાત્તાપ થવા લાગ્યો. મને મારા પોતાના વર્તનને માટે અફસોસ થવા માંડયો. મને થયું કે એ યુવકનો વ્યવહાર મને ઉત્તમ ના લાગ્યો અને મેં એને ઠપકો આપ્યો તો મારો તારી સાથેનો વ્યવહાર પણ ક્યાં ઉત્તમ છે, અને તે માટે મને તારો ઠપકો મળે તેમાં નવાઇ નથી.

માતંગી મારી પત્ની હોવાથી મને પ્રિય છે, પરંતુ લક્ષ્મણને તારે માટે એથી પણ વધારે પ્રેમ છે. તને પણ એના પ્રત્યે એટલો જ પ્રેમ છે. એટલે મારું વર્તન બેહૂદું છે. એની મને ખાતરી થઇ. મારી પત્ની સાથે કોઇ ખરાબ સંબંધ રાખે એ મને પસંદ ના હોય તો બીજાની પત્ની સાથે



મારાથી પણ ખરાબ સંબંધ કેવી રીતે રાખી શકાય? એ જ્ઞાનનો ઉદય મારામાં આપોઆપ થઇ ગયો.'

થોડીવાર અટકીને નિષ્કામ આગળ બોલ્યો. 'એ યુવાન જાણે મારું પરિવર્તન કરવા જ આવેલો. એ તો અત્યંત કરુણ રીતે વિદાય થયો પરંતુ સાથે સાથે મને જાગ્રત્ કરતો ગયો. મારે માટે એ પરોક્ષ પથપ્રદર્શક બન્યો. ત્યારથી જ મારા ભાવો તથા વિચારોમાં ક્રાંતિ થઇ ને મેં તને ભગિનીભાવથી જોવાનો નિર્ણય કર્યો.'

ઊર્મિલા બોલી. 'તારી પરિવર્તન કથા ઘણી જ રોમાંચકારી તથા રોચક છે એ સાંભળીને થાય છે કે તારા પર ઈશ્વરની કૃપા છે. તારો નિર્ણય ખરેખર પ્રશસ્ય છે અને એ નિર્ણયને તું વળગી રહે એટલું જ ઇચ્છું છું.' નિષ્કામ બોલ્યો. 'તારો આશીર્વાદ મને મળી ચૂક્યો છે એટલે એ નિર્ણયને વળગી રહેવાનું અને કાયમને માટે વળગી રહેવાનું મારે માટે જરા પણ મુશ્કેલ નહિ બને. તારા જેવી બેનને મેળવી શક્યો એ પણ મારું સૌભાગ્ય છે.'

'તારા જીવન પરિવર્તનની વાત સાંભળીને મને ખરેખર આનંદ થયો. એ પરિવર્તન આશ્ચર્યકારક છે. પરંતુ એવાં આશ્ચર્યકારક અને અજબ પરિવર્તન જીવનમાં ક્યાં નથી થતાં? હું તો જીવનમાં એક અથવા બીજી જાતનાં પરિવર્તનનો જ અનુભવ કરી રહી છું. લક્ષ્મણ સાથેનું મારું લગ્ન, અયોધ્યામાં આગમન, કૈકયીનાં વરદાન, રામ, લક્ષ્મણ ને સીતાનું વનગમન, રાજા દશરથનું મૃત્યુ, ભરતનું તપ, અને તારા વિચારોમાં થયેલો ફેરફાર, એ બધાં પરિવર્તનો ને શાંતિથી જોયા કરું છું. હજુ કોણ જાણે બીજાં કેટલાંય પરિવર્તન થયાં કરશે! પ્રકૃતિ તથા અવનિ આખીયે પરિવર્તનશીલ છે. અને જીવન પણ એક પ્રકારનું મહાન પરિવર્તન જ છે ને? તારું પરિવર્તન ખરેખર પ્રશસ્તિને પાત્ર છે. ધન્યવાદ દેવા લાયક છે.'

ત્રણ ચાર દિવસ પછી નિષ્કામ મિથિલાપુરી જવા માટે તૈયાર થયો. વિદાય વખતે એણે ઊર્મિલાને પ્રણામ કર્યા ને કહ્યું. 'મારા જીવનને

ઉજ્જ્વળ કરવામાં તેં આપેલો ફાળો નહિ ભૂલી શકું. તારી નિષ્ઠા તથા પવિત્રતાને લીધે જ હું તરી શક્યો તથા ઉત્તમ, જ્યોતિર્મય જીવનનો પ્રવાસી બની શક્યો. વિદાય વખતે તારો આશીર્વાદ ચાહું છું.' 'મારો આશીર્વાદ છે જ.' ઊર્મિલાએ ભાવપૂર્વક કહ્યું. 'તારું જીવન ઉત્તરોત્તર વધારે ને વધારે ઉજ્જ્વળ અથવા જ્યોતિર્મય બનો તથા તને સ્થિરતા તેમ જ શાંતિ મળો.' અને નિષ્કામને માટે એકદમ અસાધારણ વાક્ય કહી બતાવ્યું. 'કોઇ વાર અયોધ્યામાં આવજે ને મળજે, બેનને ભૂલતો નહિ.' 'નહિ ભૂલું.' નિષ્કામ વધારે ના બોલી શક્યો. એ ગદ્‌ગદ બનતાં, ઊર્મિલા તરફ એક પવિત્ર દૃષ્ટિ કરીને અશ્રુની અંજલિ આપતાં વિદાય થયો. ઊર્મિલા આંખમાં કરુણા ભરીને જતો જોઇ રહી.

( ક્રમશઃ )


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુ:ખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨


## * સાચો સ્વામી *

માયા કઠિન છે. અભ્યાસ અને વૈરાગ્યનું બળ હોય તો જ તેને જીતી શકાય. પણ તે ના જ હોય તો? તેને માટે વિનાશ જ છે. 'સ્વામી' કાંઇ નામ માત્ર ધરવાથી થવાતું નથી. સ્વામી તો જે ઇન્દ્રિયોનો સ્વામી થયો છે તે જ થઇ શકે છે. જીવનને જ આત્મદેવનું તીર્થ માનીને જેણે પોતાની અખિલ આરાધનાને ફક્ત એ એક દેવને ચરણે ઢાળી છે, ને જીવનને શુદ્ધિની ભઠ્ઠીમાં હોમી દઇને જેણે પરમજ્ઞાનનું શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત કરી લીધું છે, તે જ જીવનતીર્થ થઇ શકે છે.

એવો માણસ આખી સૃષ્ટિનો સ્વામી થઇ શકે છે. એવી કઇ વસ્તુ છે કે જે તેને ચરણે ન નમે? ભલભલા શહેનશાહોની પણ તેની આગળ કાંઇ વિસાત નથી. પણ બહુ જ થોડા લોકો આ સમજે છે. બીજાઓ તો યોગની થોડીક ક્રિયાઓને જાણી એટલે વાળ વધારવાનું શરૂ કરીને, એકાદ આશ્રમને ખોલી નાંખે છે ને સ્વામી થઇ જાય છે. શું યોગ વાળમાં છે? તેમ જ શું તે કાંઇ યોગની નજીવી ક્રિયાઓમાં છે? એમ હોત તો તો બધાય વાળ રાખવા ને નાકમાં દોરડા ઘાલવા મંડી જાત, પણ તેવું નથી.

યોગ તો આત્માની મૂંગી ભાષા છે, ને જેટલા પ્રમાણમાં જગતમાં વહેતા ચૈતન્ય સાથે તાદાત્મ્ય અનુભવાય તેટલા પ્રમાણમાં તે સધાયો છે, એમ જણાય છે.

યોગેશ્વરજી

## વ્યવહારમાં જ્ઞાન મળે કે નહિ?

કોઇ કોઇ વાર માણસો મને પ્રશ્નો પૂછે છે કે 'સંસારના અટપટા વ્યવહારની વચ્ચે રહીને પ્રભુપ્રાપ્તિ માટેનો પ્રયાસ કરી શકાય ખરો? અથવા તો પ્રવૃત્તિની અંદર રહીને જ્ઞાન મેળવી શકાય ખરું?'

આવા માણસોનો સ્વાભાવિક ખ્યાલ એવો હોય છે કે જ્ઞાનની પ્રાપ્તિ તો કોઇ એકાંત નદીતટના પ્રદેશમાં કે પર્વત પર જ થઇ શકે. સંસારના વ્યવહારનો ત્યાગ કરવો જ જોઇએ. તે વિના જ્ઞાન મળી શકે નહિ, શાંતિ પણ સાંપડી શકે નહિ, કે ઈશ્વરની કૃપા પણ થાય નહિ. પણ ગીતાનો વિચાર કરતાં સમજાશે કે આ દૃષ્ટિ અધૂરી છે. આ વિચાર-સરણિ ભૂલભરેલી છે. ગીતા એકાંત જંગલમાં નહિ, પણ યુદ્ધના કોલાહલની વચ્ચે કહેવાઇ છે ને જીવનના કોલા-હલની વચ્ચે જીવનારા માણસોને માટે પણ તે ઉપયોગી અને પ્રેરણા દેનારી છે.

જ્ઞાન કે ઈશ્વરની કૃપા સંસારના વ્યવહારથી દૂર રહીને જ મેળવી શકાય છે એ માન્યતા બરાબર નથી. હા, કોઇ માણસ કોઇ કારણથી વ્યવહારથી દૂર જઇને એકાંતનો આશ્રય લે ને જ્ઞાન તથા ઈશ્વરની કૃપા મેળવ-વાનો પુરુષાર્થ કરે, ને તે પુરુષાર્થમાં સફળ પણ બને પણ તેથી જ કાંઇ સૌએ એ માર્ગનું ફરજીયાત અનુકરણ કરવું જ જોઇએ એવો નિર્ણય આપી શકાતો નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.